

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. —પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૭ □ (૫૨૫) ❊ આત્મધર્મ ❊ (અંક-૧ વર્ષ-૪૪) □ વીર સં. ૨૫૧૩ જુલાઈ, ૧૯૮૭

# મહિમાવંત નિજ પરમભાવ

મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય—નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.—આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે. ૩૯૮.

[ 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**'મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે.'**

જ્ઞાની ધર્માત્મા અંતરથી એમ જાણે છે કે મેં જે મારા પરમભાવને—વીતરાગ સમરસે ભરેલા આનંદનિધાન નિજ ત્રિકાળી જ્ઞાયક પ્રભુને—મહિમાપૂર્વક ગ્રહણ કર્યો તે પરમભાવ પાસે ત્રણ લોકનો વૈભવ—ઇંદ્રનાં ઇંદ્રાસન, કરોડો અપ્સરાઓ, ચક્રવર્તીના ભોગોપભોગ વગેરે બધાંય પુણ્યફળો—તુચ્છ છે, સડેલાં તરણાં ને વિષ્ટાના ઉકરડા જેવાં છે. સમ્યગ્દૃષ્ટિ જીવને પોતાના સહજશુદ્ધ સ્વરૂપનો અંશે અનુભવ થયો છે; તેને સ્વરૂપના વૈભવની મહત્તા આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ લાગે છે.

સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યકૃત ટીકામાં આવે છે: "આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ-પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'." ધ્યાતા પુરુષ, એટલે કે અંદર નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવાવાળો સાધક સમ્યગ્દૃષ્ટિ જીવ, એમ ભાવે છે કે 'હું

[ અનુસંધાન માટે જુઓ....૨૪ ]

કહાન
સંવત-૭
વર્ષ-૪૪
અંક-૧
૫૨૫ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
JULY




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વીતરાગનિર્વિકલ્પસમાધિના સાધક સંતો

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

( સળંગ પ્રવચન નં. ૬ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૭મી ગાથા શરૂ થાય છે. આગલી ગાથાઓમાં અરિહંત અને સિદ્ધની ઓળખાણ કરાવીને નમસ્કાર કર્યાં. હવે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ ઓળખાવીને નમસ્કાર કરે છે. ઓળખાણપૂર્વક નમસ્કાર કરવા તે જ સાચા નમસ્કાર છે.

આત્માને કર્મ સાથે વ્યવહારનયથી સંબંધ છે પણ નિશ્ચયથી આત્મા કર્મથી રહિત છે. અશુદ્ધ નિશ્ચયનયથી આત્માને રાગાદિ સાથે સંબંધ છે પણ નિશ્ચયથી આત્મા તેનાથી રહિત છે. વળી મતિ-શ્રુતાદિ ચાર જ્ઞાન પણ વિભાવગુણ છે અને નર-નારક આદિ ચાર ગતિ પણ વિભાવપર્યાય છે. તે બધાથી રહિત જે ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ છે તે જ એક સત્ય છે—ઉપાદેય છે, તે જ સર્વ પ્રકારે આરાધવા યોગ્ય છે અને તેનાથી જુદી દરેક વસ્તુ અથવા ભાવ ત્યાજ્ય છે. આવી દૃઢ પ્રતીતિ-ચંચાળતા રહિત નિર્મળ અવગાઢ પરમ શ્રદ્ધા હોવી તેનું નામ સમ્યક્ત્વ છે.

આચાર્યદેવને આવું સમકિત હોય છે. આચાર્યને પાંચ આચાર હોય છે તેમાં આ પ્રથમ દર્શનાચાર છે. આત્માની દૃઢ પ્રતીતિરૂપ પરિણમન થવું તે દર્શનાચાર છે.

નિજસ્વરૂપમાં સંશય–વિમોહ અને વિભ્રમ રહિત જે સ્વસંવેદન જ્ઞાનરૂપ ગ્રાહકબુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે, તેનું જે આચરણ અર્થાત્ તે રૂપે પરિણમન થવું તે જ્ઞાનાચાર છે. સંશય એટલે સ્વરૂપ આવું હશે કે નહિ એવી શંકા થવી તે, વિમોહ એટલે કંઈક હશે એવો અધ્યવસાન અને વિભ્રમ એટલે સ્વરૂપ વિષે વિપરીત માન્યતા થવી તે. આ ત્રણેય દોષ રહિત ભૂતાર્થસ્વભાવ જેવો છે તેવો સ્વસંવેદનમાં ગ્રહણ કરવો, જ્ઞાનમાં ગ્રહણ કરવો તે સમ્યગ્જ્ઞાન છે, તે રૂપે પરિણમન કરવું તે આચાર્યનો જ્ઞાનાચાર છે.

ત્રીજો આચાર ચારિત્રાચાર છે. ઉપર કહ્યો તેવો અખંડ અનંતગુણરૂપ એકસ્વરૂપ ભૂતાર્થ નિજસ્વભાવ છે, તેમાં શુભાશુભ સમસ્ત સંકલ્પ વિકલ્પ રહિત જે નિત્યાનંદ નિજરસનો આસ્વાદ–નિશ્ચલ અનુભવ તે સમ્યક્ ચારિત્ર છે, તે રૂપે જે પરિણમન તે ચારિત્રાચાર છે.

ટૂંકમાં આત્મસ્વભાવમાં એકાગ્રતા વડે અતીન્દ્રિય આનંદનો ઉગ્ર આસ્વાદ લેવો તેને ચારિત્રાચાર કહેવાય છે.

અત્યારે સાધુઓ છઠ્ઠા ગુણસ્થાને ચારિત્ર માને છે તે જૂઠી વાત છે.

શિષ્ય:—ગૃહસ્થથી તો તે સારા કહેવાય ને?

પૂજ્ય ગુરુદેવ:—સારાં શેના? બગડેલું દૂધ છાશમાંથી પણ જાય તેમ, (ખોટાં સાધુ ગૃહસ્થમાંથી પણ જાય)....

આ રીતે પ્રભાકર ભટ્ટ પંચપરમેષ્ઠીને ઓળખીને નમસ્કાર કરે છે અને પછી યોગીન્દ્રદેવને પૂછે છે કે પ્રભુ! આ સંસારના બંધનમાંથી અમારો છૂટકારો કેમ થાય? તે વાત આગળ આવશે.

હવે અહીં આચાર્યના ચોથા તપાચારનું સ્વરૂપ કહે છે કે નિજ પરમાનંદસ્વરૂપમાં પરદ્રવ્યની ઇચ્છાનો નિરોધ કરીને સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ પરિણમન કરવું તે તપાચાર છે, જેમાં સહજ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તે સાચી તપસ્યા છે. આચાર્યદેવ અતીન્દ્રિય આનંદના કોળિયા લે છે. અતીન્દ્રિય આનંદની ભરતી આવે તેનું નામ તપસ્યા છે, બાકી બધી લાંઘણ છે.

શુદ્ધાત્મસ્વરૂપમાં પોતાની શક્તિ પ્રગટ કરીને પરિણમન કરવું તે વીર્યાચાર નામનો પાંચમો આચાર છે. સ્વભાવનો ઉગ્ર પુરુષાર્થ પ્રગટ કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં વીર્ય ફોરવવું તેનું નામ વીર્યાચાર છે.

આ નિશ્ચય પંચાચારનું લક્ષણ કહ્યું. હવે તેની સાથે રહેલાં વ્યવહાર પંચાચારનું

લક્ષણ કહે છે.—નિશ્ચય સાથે વ્યવહાર કેવો હોય તેનું જ્ઞાન કરાવે છે.

આચાર્યને વિકલ્પમાં નિશંકિત, નિકાંક્ષ આદિ આઠ અંગરૂપ વ્યવહાર દર્શનાચાર હોય છે એટલે વીતરાગે કહેલાં ધર્મમાં શંકા ન હોય, અન્ય ધર્મની ઇચ્છા ન હોય, કોઈ પ્રત્યે દુગંચ્છા ન હોય, ધર્મ વિષે અમૂઢતા હોય, બીજાને ધર્મમાં આગળ લાવવાના ભાવ હોય, સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય અને ધર્મની પ્રભાવનાના શુભભાવ હોય છે.

નિશ્ચય જ્ઞાનાચાર–સ્વરૂપની ગ્રાહકબુદ્ધિની સાથે વ્યવહારમાં આઠ પ્રકારના જ્ઞાનાચાર હોય છે. શબ્દ શુદ્ધ હોય, અર્થ શુદ્ધ હોય, કાળે ભણવું, વિનયથી ભણવું, ભણતાંને વિઘ્ન ન કરવું, અશાતના કરવી નહિ, બહુમાનથી ભણવું આદિ આઠ પ્રકારના જ્ઞાનાચારના ભાવ આચાર્યને હોય છે.

નિજાનંદના આસ્વાદરૂપ નિશ્ચય ચારિત્રની સાથે વ્યવહાર ચારિત્રમાં પંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવાના ભાવ મુનિને હોય છે. કુલ તેર પ્રકારના વ્યવહાર આચાર છે તે પુણ્યબંધનું કારણ છે.

અનશન, ઉણોદરી આદિ બાર પ્રકારના તપનો ભાવ થવો તે વ્યવહાર તપાચાર છે, અને પોતાની શક્તિ પ્રગટ કરીને ૨૮ મૂળગુણ આદિ પાળવારૂપ વ્યવહારનો વિકલ્પ મુનિને હોય છે, તે વીર્યાચાર છે.

આ વ્યવહાર પંચાચાર પરંપરા મોક્ષનું કારણ છે. ખરેખર તો, સ્વભાવના આશ્રયે થયેલાં નિશ્ચય પંચાચાર છે તે જ નિશ્ચય મોક્ષના સાધક છે, તેના નિમિત્તરૂપ એવા વ્યવહાર પંચાચારને પરંપરા મોક્ષના સાધક છે એમ કહેવામાં આવ્યું છે.

નિર્મળ જ્ઞાન–દર્શનસ્વભાવ જે શુદ્ધાત્મા તેની યથાર્થ શ્રદ્ધા, યથાર્થ જ્ઞાન, યથાર્થ આચરણ, પરદ્રવ્યની ઇચ્છાના નિરોધરૂપ તપ અને નિજશક્તિને પ્રગટ કરવારૂપ વીર્ય આ નિશ્ચય પંચાચાર જ સાક્ષાત્ મુક્તિનું કારણ છે.

અહો! શાસ્ત્રોમાં આચાર્યોના હૃદય દેખાય છે. નિશ્ચય પંચાચાર જ સાક્ષાત્ મોક્ષના કારણ છે. વ્યવહાર પંચાચારને તો નિમિત્ત તરીકે પરંપરા મોક્ષના કારણ કહ્યાં છે.

આવા નિશ્ચય પંચાચારને જે આચરે અને બીજા પાસે આચરાવે એવા આચાર્યોને હું વંદન કરું છું.

હવે ઉપાધ્યાયને વંદન કરતાં પહેલાં તેનું સ્વરૂપ કહે છે કે જે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવપદાર્થનું સ્વરૂપ જેમ છે તેમ ઉપદેશે છે અને તેમાં પણ

એક શુદ્ધ નિજ જીવાસ્તિકાય, નિજ શુદ્ધ જીવદ્રવ્ય, નિજ શુદ્ધ જીવતત્ત્વ અને નિજ શુદ્ધ જીવ પદાર્થ જે પોતાનો શુદ્ધાત્મા છે તેને જ ઉપાદેય માને છે અને બાકી બધું ત્યાગવા લાયક છે એમ પોતે માને છે અને એવો જ ઉપદેશ જગતને આપે છે તે ઉપાધ્યાય છે.

જગતમાં જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ અસ્તિકાય એટલે બહુપ્રદેશી દ્રવ્યો છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યો છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે અને સાત તત્ત્વ ઉપરાંત પુણ્ય-પાપ તે નવપદાર્થ છે, પણ આ બધામાં સારભૂત તો એક આત્મા-નિજ શુદ્ધાત્મા જ છે એમ ઉપાધ્યાય માને છે અને એમ જ બીજાને ઉપદેશ આપે છે

જુઓ! દયા-દાન આદિના શુભભાવ તો આદરણીય નથી પણ સંવર-નિર્જરા તત્ત્વ પણ આદરણીય નથી. સાત તત્ત્વમાં એક શુદ્ધ જીવદ્રવ્ય જ ઉપાદેય આદરણીય છે. નવ પદાર્થમાં એક જીવપદાર્થ જ ઉપાદેય છે.

અરે! આ અજ્ઞાની જીવને પોતાના પરમેશ્વરનું ભાન નથી એટલે અનાદિથી ચોરાશીના અવતારમાં ધોકા ખાઈ-ખાઈને મરી ગયો છે. અરે! એ બધાં મૂઢ છે. રાજા થાય તોપણ શું! ને શેઠ થાય તોપણ શું! એ બધાં નિજસ્વરૂપના ભાન વગર મૂઢ છે.

આત્મા એક વસ્તુ છે ને! વસ્તુ હોય તેમાં તેનો સ્વભાવ હોય ને! એ સ્વભાવમાં ગુણો એક-બે ન હોય, અનંત હોય—એમ વિચાર કરીને નક્કી કરવું જોઈએ. અરે! આ કેટલી સ્પષ્ટ વાત છે! તેને નહિ સમજે તો મોંઘો મનુષ્યભવ નિષ્ફળ ચાલ્યો જશે.

આત્માની કિંમત નહિ કરે તેને બીજાની કિંમત થયા વગર રહેશે નહિ અને આત્માની કિંમત કરશે તેને બીજાની કિંમત રહેશે નહિ.

આત્મા એક વસ્તુ છે....છે....છે....પ્રગટ છે, વ્યક્ત છે. વસ્તુ કદી અપ્રગટ ન હોય. મોટો મહાન ભગવાન અખંડાનંદ અનંતગુણસ્વરૂપ એકરૂપ નિજ શુદ્ધાત્મા પ્રગટ બિરાજમાન છે તેને ઓળખીને તે એકને જ આદરણીય કરવા લાયક છે. બાકી બધું હેય છે.

આ ઉપાધ્યાયનું સ્વરૂપ કહેવાય છે. જે એક નિજ શુદ્ધાત્માને જ આદરણીયપણે અનુભવતાં હોય અને અન્યને ઉપદેશમાં પણ એક આત્મપદાર્થ જ આદરણીય છે એવી પ્રરૂપણા કરતાં હોય તે ઉપાધ્યાય છે.

એક વકીલ એવો પ્રશ્ન કરતાં કે આપ આત્માના વખાણ તો બહુ કરો છો પણ એ ધોયેલ મૂળા જેવો આત્મા ગયો કયાં? તેને કીધું ભાઈ! આત્મા તો આ હાજરાહજૂર

બેઠો છે પણ નજર કરે તેને દેખાય ને! અંતરના ચૈતન્યનેત્ર ખોલીને જુઓ તો અંતરમાં અનંત ગુણની રાશિ ભગવાન ચૈતન્યદેવ બિરાજમાન છે, તેને દૃષ્ટિમાં લેવો એ જ એક આ જીવે કરવા જેવું કાર્ય છે.

લોકોને હીરાની કિંમત કેમ આવે છે કે હીરા પ્રકાશ કરે છે, ટકાઉ છે અને થોડા મળે છે પણ આ ચૈતન્યહીરો તો અનાદિ અનંતકાળ ટકનારો અવિનાશી છે અને જ્ઞાનનો મહાપ્રકાશ આપનારો છે, અતીન્દ્રિય આનંદનો દેનારો છે, તેની કિંમત તને કેમ નથી આવતી?

ઉપાધ્યાય મોક્ષમાર્ગનું વર્ણન કેવું કરે છે?–કે પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે મેલ છે, તેની પાછળ રહેલાં નિર્મળ ભગવાન શુદ્ધાત્મદેવના સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને સ્થિરતારૂપ અભેદરત્નત્રય છે તે મોક્ષમાર્ગ છે—એમ ઉપાધ્યાય શિષ્યોને ઉપદેશ આપે છે. અભેદરત્નત્રય તે જ નિશ્ચય મોક્ષમાર્ગ છે અને ભેદરત્નત્રય છે તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. આવો ઉપદેશ દેતા ઉપાધ્યાયને હું નમસ્કાર કરું છું.

જુઓ! સંતોની શૈલી કેવી છે કે એક વાતમાં જૈનદર્શનનો વ્યવહાર પણ આવી જાય છે અને આદરણીય શું છે તે વાત પણ તેમાં સમાય જાય છે. ઉપાધ્યાયને વંદન કરતાં પણ મુનિરાજ આદરણીય તત્ત્વ બતાવતાં જાય છે.

વીતરાગનો માર્ગ એ તો સિંહનો માર્ગ છે. ઘેટાંના ટોળામાં આવી ગયેલું સિંહનું બચ્ચું સિંહની ત્રાડથી ત્રાસીને ભાગતું નથી કેમ કે એ સિંહની જાતનું જ છે તેમ ત્રિલોકીનાથે દિવ્યધ્વનિમાં ત્રાડ નાખી કે હે જીવો! તમે પણ મારી જેવા પરમાત્મા છો. આ સાંભળનાર જાગી ઊઠે છે કે અહો! હું તો પરમાત્માની જાતનો છું, આ પુણ્ય-પાપના ભાવમાં ઊભો છું પણ એ મારી જાત નથી.

અહીં ઉપાધ્યાયરૂપી સિંહની ગર્જનાને પણ શિષ્ય બરાબર ઝીલે છે. શિષ્ય પણ એક સમયમાં ફાટ.....ફાટ પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન લે તેવો છે. ન કરી શકાય એ વાત જ નથી.

જુઓ! બ્રહ્મદેવે ટીકા પણ કેવી કરી છે!

હવે સાધુને વંદન કરતાં કહે છે કે શુદ્ધ બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવાશુદ્ધાત્મતત્ત્વની આરાધનારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિને સાધી રહ્યાં છે એવાં સર્વ સાધુઓને હું નમસ્કાર કરું છું.

વીતરાગ નિર્વિકલ્પ સમાધિને જે આચરે છે તે આચાર્ય છે, વીતરાગ નિર્વિકલ્પ સમાધિને કહે છે તે ઉપાધ્યાય છે અને તેને જે સાધે છે તે સાધુ છે. આવા પાંચેય પરમેષ્ઠીને હું ભાવ સહિત વંદન કરું છું. —*— [ –ક્રમશઃ ]

# ભગવાનમાં રાગ નથી, રાગમાં ભગવાન નથી

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૨ )

શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્રની આ ૩૭મી ગાથા ચાલે છે.

જેને સર્વ પરપદાર્થથી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા અનંત ગુણસંપન્ન પોતાના આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો છે તે પોતાનું કાર્ય પોતાના અનંત ગુણોથી થાય છે એમ જાણે છે તેથી કોઈ પર પદાર્થ મારું કાર્ય કરે છે એવું તે માનતો નથી.

અજ્ઞાની એમ માને છે કે મને જે રાગ થાય છે તે પર નિમિત્તથી થાય છે અને મારા નિમિત્તથી પરનું કાર્ય થાય છે એવી જેને પરાશ્રયદૃષ્ટિ છે તેને આત્મા સ્વતંત્ર છે અને પોતાના અનંત ગુણોથી તેનું કાર્ય થાય છે એ વાત તેની રુચિમાં આવતી નથી. પણ જેણે અંતર અનુભવ દ્વારા આત્માની પ્રતીતિ કરી છે તેને દૃઢ શ્રદ્ધા છે કે હું અનંત જ્ઞાન, આનંદ, સુખ, શાંતિ આદિ અનંત ગુણોનો ભંડાર છું અને મારું આનંદ આદિનું કાર્ય મારાથી જ થાય છે—આમ જાણતાં હોવાથી જ્ઞાનીને પરમાં કદી સુખબુદ્ધિ થતી નથી અને પર પાસેથી કાર્ય કરાવવાની પરાધીન દૃષ્ટિ થતી નથી.

આમ ધર્મીને–યોગીને સંપત્તિમાં અર્થાત્ સ્વાનુભવરૂપ સંવેદનમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ ઝલકે છે. શ્રદ્ધામાં આત્મા ઝલકે છે, જ્ઞાનમાં આત્મા ઝલકે છે અને સ્થિરતામાં આત્મા કેવો શાંતિમય છે તેની ઝલક આવી જાય છે. ધર્મી જ તેને કહેવાય કે જેણે પોતાના શુદ્ધ સ્વભાવરૂપ ધર્મના ધારક આત્માને શ્રદ્ધા–જ્ઞાન અને સ્થિરતામાં અનુભવ્યો છે.

જ્યાં સુધી પોતાની વસ્તુનું સ્વરૂપ પ્રતીતિમાં અને વિશ્વાસમાં ન હતું ત્યાં સુધી તો મારું જ્ઞાન ઇન્દ્રિયોથી થાય છે, મારું સુખ અને આનંદ પરમાં છે અને મારા વીર્યની સ્ફુરણા પણ પરથી થાય છે એવી પરાશ્રિત દૃષ્ટિ હતી. હવે તે દૃષ્ટિ પલટાઈ જતાં હું પુણ્ય–પાપ સ્વરૂપ છું અને મારે પરનો આધાર છે, મારો વિકાસ પરને આધીન છે અને પર મારે આધીન છે એવી મિથ્યાબુદ્ધિનો નાશ થયો અને આત્મા અશુદ્ધરૂપે ભાસતો હતો તે હવે શુદ્ધરૂપે ભાસે છે—ઝલકે છે. હવે તે જ્ઞાતા–દૃષ્ટા થયો છે તેથી તેને મારું કાર્ય પર કરે અને હું પરનું કાર્ય કરું એવી મિથ્યાબુદ્ધિ થતી નથી.

ધર્મીને જેમ જેમ શુદ્ધાત્મસ્વરૂપ પોતાના શ્રદ્ધા–જ્ઞાન અને અનુભવમાં ઝલકે છે તેમ તેમ વિના પ્રયત્ને–સહજ પ્રાપ્ત થયેલાં રમણીક ઇન્દ્રિયવિષયો પણ મારા ભોગ્ય છે

એવી બુદ્ધિ થતી નથી. શુદ્ધ જ્ઞાયક જેની દૃષ્ટિમાં આવ્યો તેને કોઈ પરપદાર્થ પોતાને ભોગવવા યોગ્ય ભાસતાં નથી. શરીર, સ્ત્રી, કુટુંબ, દેવલોક, ઇન્દ્રાણી, મકાન, ઘરેણાં, કપડાં આદિ મારે ભોગ્ય છે એવી બુદ્ધિ ધર્મીને થતી નથી. કેમ કે તેને પોતાનો આત્મા ભોગ્ય થઈ ગયો છે.

પરપદાર્થ તો ધર્મીને ભોગ્ય લાગતાં નથી પણ પુણ્ય, પુણ્યના ફળ અને વર્તમાન શુભ વિકલ્પ પણ તેને પોતાના ભોગ્ય લાગતાં નથી. તેને તો પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા આદિ ગુણો જ ભોગ્ય લાગે છે. તેથી બહારમાં પુણ્યયોગે સહજ મળેલાં રમણીય ઇન્દ્રિય વિષયોમાં તેને ભોગ્યબુદ્ધિ થતી નથી.

જેને પોતાના અનંત ગુણસ્વરૂપ સ્વભાવમાં ભોગ્યબુદ્ધિ થઈ તેને બહારમાં ભોગ્યબુદ્ધિ કેમ હોય ? ન જ હોય. એક મ્યાનમાં બે તલવાર કદી હોઈ શકતી નથી, તેમ આત્મામાં ભોગ્યબુદ્ધિ અને પરપદાર્થમાં પણ ભોગ્યબુદ્ધિ એ બંને સાથે ન હોઈ શકે.

સમ્યગ્દૃષ્ટિ ભલે ચક્રવર્તીપદમાં હો કે ઇન્દ્રપદમાં હો, પણ ખરેખર તે સમ્યગ્દૃષ્ટિનું પદ નથી. સમ્યગ્દૃષ્ટિ તો નિજપદમાં નિવાસ કરે છે. સમ્યગ્દૃષ્ટિ કહે છે કે રાગમાં મારું પદ નથી, ચક્રવર્તીના સિંહાસનમાં મારું પદ નથી, કે ૯૬૦૦૦ રાણીના ભોગમાં પણ મારું પદ નથી. મારું પદ તો મારી પાસે—મારા આત્મામાં છે. આવું અનુભવનારા જ્ઞાનીને જેમ અનુકૂળ ભોગો લલચાવી શકતાં નથી તેમ પ્રતિકૂળતાના ગંજ આવી પડે તો તે જ્ઞાનીને દુઃખી કરી શકતાં નથી.

શિષ્યના બે પ્રશ્નનો આ ઉત્તર ચાલી રહ્યો છે. શિષ્યનો પ્રશ્ન હતો કે જેને આત્માની સંવિત્તિ–વેદન પ્રગટ થાય તેને જાણવાનું લક્ષણ શું ? અને તેમાં ઉન્નતિ થઈ રહી છે તે કેમ જાણી શકાય ? તો કહે છે કે જેને નિજ આત્માની સંવિત્તિ–વેદન થાય છે તેને બહારના તુચ્છ ભોગો તો લલચાવી શકતા જ નથી પણ પુણ્યથી પ્રાપ્ત થયેલાં રમણીય ભોગો પણ તેને લલચાવી શકતાં નથી. આત્માનો એવો અલૌકિક અનુભવ થાય છે કે તેની પાસે બીજા કોઈ વિષયો તેને રુચિકર લાગતાં નથી, પોતાના ભોગ્ય લાગતાં નથી.

શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા, રાજમાં હતા અને ૯૬૦૦૦ રાણીના ભોગમાં હતાં પણ જ્યારે વૈરાગ્ય થયો અને દીક્ષા લેવા નીકળ્યાં ત્યારે રાણીઓ ઝટિયા તાણીને રડે છે. શાંતિનાથ ભગવાન તેને કહે છે કે અરે સ્ત્રીઓ ! અમને તમારા ભોગમાં રુચિ તો હતી જ નહિ પણ અસ્થિરતાનો રાગ હતો ત્યાં સુધી રોકાયા હતા પણ હવે તે રાગ પણ મરી ગયો છે, તે હવે ફરી જીવતો નહિ થાય.

અહીં કહે છે કે જ્ઞાનીની આ વાત બરાબર જ છે, કેમ કે દુનિયામાં પણ એવું

જોવા મળે છે કે ઘણા સુખની પ્રાપ્તિ થઈ જતાં અલ્પ સુખ આપવાવાળા કારણો પ્રત્યે કોઈને આદર કે ગ્રાહ્યભાવ રહેતો નથી. ઘીમાં તળેલાં ખાજાં મળી જાય તો જુવારના રોટલાં કોણ ખાય? ન જ ખાય. ચક્રવર્તીનું રાજ મળી જાય તો પછી બે ગાઉનું ખેતર મળતું હોય તેનો ભાવ કોણ પૂછે? શહેરમાં મોટું સરસ મકાન મળી જાય તો ગામડાંના નાના ધૂળિયા મકાનમાં કોણ રહે? તેમ જેને આત્માની શ્રદ્ધા–જ્ઞાન અને વેદન થઈ જાય તે બહારના ભોગમાં રુચિ શું કામ કરે? ન જ કરે.

આ વાત શાસ્ત્રમાં બીજી જગ્યાએ પણ આવે છે કે જેનું મન સુખ–શાંતિમાં લીન છે તેને ભોજન આદિમાં પણ રુચિ થતી નથી અરે! એક શાસ્ત્ર વાંચવામાં પણ જો રસ લાગી જાય તો ખાવું–પીવું આદિ કાંઈ રુચતું નથી. ૮૨ ની સાલમાં અમને પહેલું જ મોક્ષમાર્ગપ્રકાશક વાંચવા મળી ગયું તો વાંચવામાં એટલો રસ આવતો કે બીજી કોઈ પ્રવૃત્તિ કરવી ગમતી ન હતી. સાદી હિન્દી ભાષામાં આવું વસ્તુનું સ્વરૂપ પ્રગટ કર્યું છે એમ મહિમા આવતો. શાસ્ત્ર વાંચવામાં પણ આટલો રસ આવે તો પછી આત્માના શ્રદ્ધા–જ્ઞાન અને અનુભવના આનંદની શું વાત કરવી? તેની પાસે બીજું શું રુચે? બીજા વિષયો તો ઊલટાં ડખલરૂપ લાગે છે.

જ્ઞાનીની આવી દશા છે તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. તેમાં ભોગ કાંઈ નિર્જરાનો હેતુ નથી. જેટલો રાગ આવે છે તે તો બંધનું કારણ છે પણ દૃષ્ટિમાં તે ભોગ પ્રત્યે આદર નથી. દૃષ્ટિમાં ભોગો ઝેર જેવા લાગે છે એ દૃષ્ટિના જોરથી ભોગને નિર્જરાનું કારણ કહી દીધું છે.

આત્મા પોતાની સમીપ જ છે, દૂર નથી, પણ અજ્ઞાનદશામાં શ્રદ્ધામાં દૂર ભાસતો હતો તે હવે દૃષ્ટિની ગુલાટ મારતાં, શ્રદ્ધામાં આત્મા સમીપ થઈ ગયો. તેથી પાંચ ઇન્દ્રિયના વિષયોથી જ્ઞાની અંતરમાં ઉદાસ થઈ જાય છે. તો પ્રશ્ન થાય કે વિષયોથી જ્ઞાની ઉદાસ છે તો વિષયો ભોગવે છે શું કામ? તો કહે છે ભાઈ! વિષયોને જ્ઞાની ભોગવતાં જ નથી. જડની ક્રિયા થાય છે તેને માત્ર જાણે છે. અરે જ્ઞાની તો શું પણ અજ્ઞાની પણ જડ–ઇન્દ્રિયના વિષયોને ભોગવી શકતો નથી, માત્ર તેના રાગમાં એકત્વ કરીને સુખ–દુઃખ માને છે.

જેનો જુવાન દીકરો મરી ગયો હોય તેની માતાને ક્યાંય ચેન પડે ખરું? ન ભાવે ખાવું....ન ભાવે પીવું....ન ભાવે સુવું, ક્યાંય સુખ લાગતું નથી કેમ કે તેને અંદરમાં ઘા પડી ગયો છે કે અરે! મારો દીકરો ચાલ્યો ગયો. તેમ જ્ઞાનીને રાગ અને જ્ઞાન વચ્ચે ઘા પડી ગયો છે—રાગ અને આત્માનું ભેદજ્ઞાન થઈ ગયું છે. તેને પરમાં અને રાગમાં રુચિ રહે એમ કદી બનતું નથી. આ ધર્મીનું લક્ષણ છે.

અહો ! ધર્મી તો વારંવાર અતીન્દ્રિય આનંદને યાદ કરે છે—સ્મરણ કરે છે અને ભોગવે છે ત્યાં તેને અન્ય વિષયનું સ્મરણ કયાંથી હોય ?

જ્ઞાનીએ રાગ અને ભગવાન આત્માની વચ્ચે છીણી મારી દીધી છે કે રાગમાં ભગવાન નહિ અને ભગવાનમાં રાગ નહિ. આવી ભેદજ્ઞાનની છીણી માર્યા પછી તેને પરપદાર્થનો અને રાગનો રાગ રહેતો નથી. આનો અર્થ એવો નથી કે તેને બહારથી પણ બધું છૂટી જાય. દૃષ્ટિ યથાર્થ હોવી જોઈએ. એ જેને ન હોય અને બહારથી બધું છોડી દે તેણે ખરેખર કાંઈ છોડયું નથી. પર નિમિત્તથી મને લાભ–નુકશાન થાય એવી પરાશ્રિતબુદ્ધિ પડી છે તેણે બધું છોડયું હોય તોપણ કાંઈ છોડયું નથી, ધર્મ છોડયો છે.

કર્મથી વિકાર થાય છે, જ્ઞાન પણ ઈન્દ્રિયો હોય તો થાય, સારો સંગ મળે તો શ્રદ્ધા પલટાય એવી પરાશ્રિતદૃષ્ટિ જેને પડી છે તેને સ્વાશ્રિતદૃષ્ટિ કયાંથી પ્રગટ થાય ?

પૂજ્યપાદસ્વામી કહે છે કે હે વત્સ ! જેમ માછલીના અંગને રેતી જ જ્યાં બાળી નાંખે છે ત્યાં અગ્નિની શું વાત ? તેમ અકષાય શાંતસ્વરૂપમાં રહેતાં જ્ઞાનીને શુભભાવ પણ દુઃખરૂપ અને આકુળતારૂપ લાગે છે તો અશુભભાવની તો વાત જ શું કરવી ? શુભ અને અશુભ બંને આકુળતાસ્વરૂપ છે, દુઃખરૂપ છે, આસ્રવ છે–વિકાર છે અને બંધના કારણ છે. તો જેને અબંધસ્વભાવી ભગવાન આત્માનું ભાન થયું–કિંમત થઈ તેને બંધભાવની શું કિંમત હોય !

આમ જેને આત્મસંવિત્તિ–આત્માનુભવ પ્રગટ થયો છે તેનું લક્ષણ એ છે કે તેને વિષયોની રુચિ હોતી નથી અને જેને આત્મસંવિત્તિ નથી તેને વિષયોની રુચિ હોય જ છે.

આત્મામાં જ સુખ છે એવો વિશ્વાસ થતાં વિષયોમાં સુખબુદ્ધિ છૂટી જ જાય છે. તેથી વિષયોની રુચિ ભસ્મ થઈ જાય છે. જેને શ્રદ્ધા–જ્ઞાનમાં આત્માની ઝલક આવી જાય–સમીપતા થઈ જાય તેને વિષયોની રુચિ કેમ થાય ? વિષયોમાં મીઠાશ કેમ આવે ? ન જ આવે અને જેણે પોતાની મીઠાશ અનુભવી નથી અને કહે કે મને વિષયો પ્રત્યે અરુચિ છે તો એ વાત જૂઠી છે. પોતાના સ્વભાવની રુચિ થયા વિના વિષયની રુચિ છૂટતી જ નથી.

જ્ઞાનીને જેમ જેમ વિષયોની આસક્તિ ઘટતી જાય છે તેમ તેમ આત્મસંવિત્તિ વધતી જાય છે, એવો આત્મસંવિત્તિની ઉન્નત્તિનો ક્રમ છે. જેમ જેમ સ્વભાવમાં એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ વિષયોની આસક્તિ ઘટી જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે.

આમ મુનિરાજે જ્ઞાનીની સંવિત્તિનું લક્ષણ અને તેની વૃદ્ધિનો ક્રમ બતાવીને શિષ્યના બંને પ્રશ્નનો જવાબ આપી દીધો. અહો !—

ચિન્મૂરત દૃગધારીકી મોહે રીતી લગત હૈ અટાપટી;
બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.

જ્ઞાનીની રીત કોઈ અટપટી છે. બહારથી ચક્રવર્તીપદમાં બેઠા હોય તોપણ તેમાં સુખબુદ્ધિ નથી અને નરકનું દુઃખ હોય તોપણ તેમાં દુઃખબુદ્ધિ નથી. અસ્થિરતાવશ રાગનું દુઃખ હોય છે પણ અંદરમાં સુખરસની ગટાગટી હોય છે. આ જ્ઞાનીનું લક્ષણ છે.

( ક્રમશઃ )

—o—

અધ્યાત્મતીર્થ સોનગઢમાં—

## □ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ □

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૪મી જન્મજયંતીના સમારોહના શુભ પ્રસંગે (—તા. ૬-૮-૮૭ થી તા. ૧૦-૮-૮૭) અધ્યાત્મયુગ-પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રબોધિત અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૨૨-૭-૮૭, બુધવારથી તા. ૧૦-૮-૮૭, સોમવાર સુધી ૨૦ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુ ભાઈઓને સાદર આમંત્રણ છે.

* આ શિક્ષણવર્ગ કેવળ પુરુષો માટે રાખવામાં આવ્યો છે.

* શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* ઉત્તમવર્ગમાં પ્રવચનસાર (જ્ઞેય-અધિકાર) તેમ જ સમયસાર (પૂર્વરંગ) ઉપર તથા મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા તેમ જ છઢાળા ઉપર શિક્ષણ રાખવામાં આવશે. ઉપરોક્ત પાઠ્યપુસ્તક (પોતાની પાસે હોય તો) જરૂર સાથે લાવવા.

* પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે મુમુક્ષુઓને અધિક સંખ્યામાં શિક્ષણવર્ગનો લાભ લેવા પ્રોત્સાહિત કરે અને આવનારાઓની સંખ્યા પત્ર દ્વારા જણાવે.

# ✻ વૈરાગ્યજનની : બાર ભાવના ✻

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

લોકમાં બધાં દ્રવ્યો પોતાના સ્વકાળથી પરિણમી રહ્યાં છે, જગતમાં એક આત્મા ને દરેક પરમાણુ વગેરે પદાર્થો પોતાની કાળાદિલબ્ધિને પામીને સ્વયં પરિણમી રહ્યા છે ને ત્યાં નિમિત્ત તરીકે યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ હોય છે, પણ પદાર્થ પોતાની શક્તિથી જ પરિણમે છે. જે કાળે જે દ્રવ્યની જે પર્યાય થાય છે તેને અટકાવવા કે ફેરવવા કોઈ સમર્થ નથી. વીતરાગભાવે જાણનાર રહેવાનું આત્માનું સ્વરૂપ છે. તીર્થંકર ઇંદ્ર-નરેંદ્ર કોઈ બીજાની પર્યાયને ફેરવવા સમર્થ નથી.

હવે વ્યવહારકાળનું સ્વરૂપ કહે છે:—

**जीवानां पुद्गलानां ये सूक्ष्माः बादराः च पर्यायाः ।**
**अतीतानागतभूताः सः व्यवहारः भवेत् कालः ॥ २२० ॥**

**અર્થ:—જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યના સૂક્ષ્મ તથા બાદર પર્યાય છે તે અતીત (ભૂતકાળના) થયા, અનાગત અર્થાત્ આગામી થશે તથા જે વર્તમાન છે, એ પ્રમાણે વ્યવહારકાળ હોય છે. ૨૨૦.**

જીવ-પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યોની પર્યાય તો ત્રિકાળ એકસરખી થયા કરે છે. જીવ-પુદ્ગલની સૂક્ષ્મ તથા બાદર પર્યાય છે. વ્યંજનપર્યાય સ્થૂળપણે ઘણાં કાળ સુધી એવી ને એવી દેખાય છે. તેનું નામ સ્થૂળપર્યાય છે ને સમયે સમયે પર્યાયનું પરિણમન થાય છે તે સૂક્ષ્મપર્યાય છે. પદાર્થોમાં ભૂતકાળની પર્યાયો થઈ, વર્તમાનમાં છે ને ભવિષ્યમાં થશે. આમ કાળના ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર છે.

જે જીવ-પુદ્ગલના સ્થૂળ-સૂક્ષ્મ પર્યાય છે તે ભૂતકાળના થઈ ગયા તેને અતીત નામથી કહ્યા, ભવિષ્યકાળમાં થશે તેને અનાગત નામથી કહ્યા, તથા જે વર્તે છે તેને વર્તમાન નામથી કહ્યા, તેને જેટલી વાર લાગે છે તેને જ વ્યવહારકાળ નામથી કહીયે છીએ.

પર્યાયનો કાળ જઘન્યપણે તો એક સમયનો જ છે, એક ને એક પર્યાય બે સમય ટકતી નથી. આખી દુનિયા એકેક સમયમાં પલટી રહી છે. વસ્તુપણે ધ્રુવ રહીને સમયે સમયે તેનામાં ઉત્પાદ-વ્યય થયા જ કરે છે તથા સામાન્યપણે સ્થૂળ પર્યાયની સ્થિતિના અનેક પ્રકાર છે, ચિત્ર છે, તેની પર્યાય સમયે સમયે પલટે છે પણ સ્થૂળપણે પાંચ વર્ષ, દસ વર્ષ વગેરે કાળ સુધી એવી ને એવી પર્યાય દેખાય છે તે અપેક્ષાએ પર્યાયની

મધ્યમ તથા ઉત્કૃષ્ટ સ્થિતિ અનેક પ્રકારની કહેવામાં આવે છે. શાશ્વત જિનબિંબ વગેરે છે, તેમાં પણ સમયે સમયે પરિણમન તો થયા જ કરે છે. સૂર્ય-ચંદ્રના બિંબ શાશ્વત છે, પણ તેની પર્યાય સમયે સમયે પલટયા કરે છે તથા તેમાં રહેલા પૃથ્વીના જીવો પણ ૨૨૦૦૦ વર્ષ કરતાં વધારે રહેતા નથી, તે જીવ પણ પલટી જાય છે.

આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશે પરમાણુ મંદગતિથી જાય તેને એક સમય કહેવાય છે.

| | | | |
|---|---|---|---|
| જઘન્યયુક્ત અસંખ્યાત સમયની એક આવલી | | ત્રીસ મુહૂર્તનો | એક રાત્રિદિવસ |
| સંખ્યાત આવલીનો | એક ઉશ્વાસ | પંદર રાત્રિદિવસનું | એક પક્ષ |
| સાત ઉશ્વાસનો | એક સ્તોક | બે પક્ષનો | એક માસ |
| સાત સ્તોકનો | એક લવ | બે માસની | એક ઋતુ |
| સાડી સાડત્રીસ લવની | એક ઘડી | ત્રણ ઋતુનું | એક અયન |
| બે ઘડીનું | એક મુહૂર્ત | બે અયનનું | એક વર્ષ |

ઇત્યાદિ પલ્ય, સાગર, કલ્પ વગેરે વ્યવહારકાળના અનેક ભેદો છે.

હવે અતીત, અનાગત, વર્તમાન પર્યાયોની સંખ્યા કહે છે.

तेषु अतीताः अनन्ताः अनन्तगुणिताः च भाविपर्यायाः ।
एकः अपि वर्तमानः एतावन्मात्रः अपि सः कालः ॥ २२१ ॥

અર્થઃ—તે દ્રવ્યોના પર્યાયોમાં અતીતપર્યાય અનંત છે, અનાગત પર્યાય તેનાથી અનંતગુણી છે તથા વર્તમાન પર્યાય એક જ છે. એ જેટલા પર્યાય છે તેટલો જ તે વ્યવહારકાળ છે, એ પ્રમાણે દ્રવ્યનું નિરુપણ કર્યું. ૨૨૧.

દરેક દ્રવ્ય ત્રિકાળ છે. તેમાં ભૂતકાળમાં અનંતી પર્યાયો થઈ ગઈ, વર્તમાનમાં એક પર્યાય પ્રગટ વર્તે છે, તથા ભવિષ્યકાળની પર્યાયો ભૂતકાળ કરતાં અનંતગુણી છે. ભૂતકાળ પણ અનંતો છે ને ભવિષ્યકાળ પણ અનંતો છે પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો છે. સંસાર અનાદિસાંત છે, તેનો જેટલો કાળ છે તેના કરતાં મોક્ષ પામનાર જીવને મોક્ષદશાનો કાળ અનંતગુણો અધિક છે. ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ એક સમય જ અધિક નથી પણ અનંતગુણો અધિક છે. અહીં તો બધા દ્રવ્યોની વાત છે. પણ જીવમાં ઉતારીયે તો જીવની સંસારની પર્યાયમાં જેટલો કાળ વીત્યો તેના કરતાં મોક્ષપર્યાયોનો કાળ અનંતગુણો છે. " ગયા કાળની શરૂઆત નથી પણ અંત છે. તેમ ભવિષ્યકાળની શરૂઆત છે પણ અંત નથી—માટે તે બન્ને સરખા છે. " એમ કોઈ કહે તો તેની વાત ખોટી છે. અનંત અનંત પર્યાયો ભવિષ્યમાંથી ભૂતકાળમાં જશે છતાં પણ જ્યારે જુઓ ત્યારે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો જ રહેશે.

પર્યાય કરતાં દ્રવ્યનું સામર્થ્ય અનંતુ છે, તેથી દ્રવ્યને આશ્રયે જે સિદ્ધદશા પ્રગટી તેનો કાળ સંસાર કરતાં અનંતગુણો છે. વર્તમાનપણે જોતાં સિદ્ધમાં અનંત સુખ છે, ને કાળ અપેક્ષાએ પણ સિદ્ધદશાનો કાળ સંસાર કરતાં અનંતગુણો છે. વિકારના અનુભવમાં જેટલો કાળ વીત્યો, તેના કરતાં સ્વભાવના અનુભવનો કાળ અનંત અનંત ગુણો અધિક છે. એટલે કે આત્મામાં વિકાર તો ક્ષણિક છે, અલ્પ છે. વિકાર કરતાં સ્વભાવ અનંત અનંતગુણો છે. ભૂતકાળ કરતાં અનંતગુણી ભવિષ્યની પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં ભર્યું છે, તે ભવિષ્યનો કદી અંત આવશે નહિ, ને જ્યારે જુઓ ત્યારે ભૂત કરતાં તે અનંતગુણો જ રહેશે. "ભૂતકાળ અને ભવિષ્યકાળ સરખા છે. પણ વર્તમાન એક સમયને ભવિષ્યમાં ભેળવીને કહેતાં ભવિષ્યકાળ એક સમય અધિક છે"—એમ કોઈ મત કહે છે. પણ તે વસ્તુસ્વરૂપને સમજ્યા નથી. જો ભવિષ્યકાળ એક સમય જ અધિક હોય તો અનંત સમય વીતી જાય, ત્યારે તો ભવિષ્યકાળ ઓછો થઈ જાય, ને ભૂતકાળ તેના કરતાં વધી જાય! પણ એમ કદી બનતું નથી. જ્યારે જુઓ ત્યારે ભૂત કરતાં ભવિષ્યની પર્યાયો અનંતગુણી છે.

પર્યાય કરતાં દ્રવ્યનું સામર્થ્ય અનંતગણું છે, અને સંસારના કાળ કરતાં મોક્ષપર્યાયોનો કાળ પણ અનંતગુણો છે. સંસાર કરતાં સિદ્ધદશા સામર્થ્યથી તો અનંતગુણી છે, પણ કાળથી ને સંખ્યાથી પણ અનંતગુણી છે. ભવિષ્યની અનંતી પર્યાય ભૂતકાળમાં ભળી જશે છતાં તે ભૂતકાળ કદી પણ ભવિષ્યકાળ કરતાં વધી નહીં જાય. પર્યાયબુદ્ધિવાળા જીવને આ વાત સમજાય તેવી નથી. અહો! ભૂતકાળમાં જે અનંત પર્યાય વીતી, તેના કરતાં અનંત અનંતગુણી પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં પડ્યું છે—આમ સમજે તો દ્રવ્યસ્વભાવ તરફ વલણ થઈ જાય.

અજ્ઞાની જીવો જગતના જીવોમાં સમાનતા કરવા માગે છે. પણ ભાઈ! જગતમાં પુણ્ય-પાપની ને તેના ફળની પણ વિચિત્રતા છે. તેમાં સમાનતા થાય નહિ.

(૧) સિદ્ધ દશામાં બધા જીવો સરખા ત્યાં પવિત્રતાથી સરખાપણું છે.

(૨) જુગલિયાના જીવોમાં આયુષ્ય વગેરેમાં લગભગ સમાનતા છે ત્યાં પુણ્ય સામગ્રીની લગભગ સમાનતા છે, પણ અંદરના પરિણામમાં તો તેમને પણ ફેર હોય છે, કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય, કોઈ મિથ્યાદૃષ્ટિ હોય.

(૩) નિગોદના જીવોમાં અનંત જીવોને શરીરાદિની સમાનતા છે.

આ સિવાય જગતના મનુષ્ય વગેરેમાં સમાનતા થઈ શકે નહિ, કેમ કે સંસારમાં બધા જીવોનાં પરિણામ એક સરખા હોતા નથી; દરેક જીવના પરિણામ ભિન્ન ભિન્ન છે, ને તેનો સંયોગ પણ ભિન્ન ભિન્ન છે.

અહીં તો વસ્તુસ્વરૂપની સૂક્ષ્મ વાત છે. ભૂતકાળ કરતાં ભવિષ્યની પર્યાયો અનંતગુણી છે. અનંતકાળ પછી જે જીવ સિદ્ધ થશે તે જીવને પણ સંસાર કરતાં સિદ્ધદશા અનંતગુણી છે. અભવ્યજીવને પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની સંસાર પર્યાયો અનંતગુણી છે. દરેક પદાર્થને ભૂતકાળ કરતાં ભવિષ્યકાળની પર્યાયોની સંખ્યા અનંતગુણી અધિક છે.

હવે દ્રવ્યોના કારણકાર્ય ભાવનું નિરૂપણ કરે છે.

पूर्व परिणामयुक्तं कारण भावेन वर्तते द्रव्यं ।
उत्तरपरिणामयुक्तं तत् च एव कार्यं भवेत् नियमात् ॥२२२॥

**અર્થ:—નિયમથી પૂર્વપરિણામ સહિત દ્રવ્ય છે તે કારણરૂપ છે તથા ઉત્તર-પરિણામ સહિત દ્રવ્ય છે તે કાર્યરૂપ છે. ૨૨૨.**

પરિણામ અને દ્રવ્ય સર્વથા એક નથી; પરિણામની સ્થિતિ એક સમયની છે, ને દ્રવ્યની સ્થિતિ ત્રિકાળ છે. જો તે સર્વથા અભેદ હોય તો પરિણામનો નાશ થતાં દ્રવ્યનો જ નાશ થઈ જશે. પૂર્વપરિણામ સહિત દ્રવ્ય તે કારણ છે, ને તે બીજા પરિણામ થયા તે કાર્ય છે. અજ્ઞાન પરિણામનો નાશ થઈને જ્ઞાનપરિણામ થયા—તો તેનું કારણ કોણ? ગુરુ વગેરે તો નિમિત્ત છે. પૂર્વે અજ્ઞાનપર્યાયપણે પરિણમેલો આત્મા તે જ જ્ઞાનપરિણામનું કારણ છે. હજી તો આ પણ વ્યવહાર છે. પૂર્વપરિણામને ઉત્તરપરિણામનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે.

આગળ વસ્તુના ત્રણ કાળમાં જ કાર્ય–કારણભાવનો નિશ્ચય કરે છે:—

कारणकार्यविशेषाः त्रिषु अपि कालेषु भवंति वस्तूनां ।
एकैकस्मिन् च समये पूर्वोत्तरभावं आसाद्य ॥ २२३ ॥

**અર્થ:—પૂર્વ તથા ઉત્તરપરિણામને પ્રાપ્ત થઈને ત્રણે કાળમાં એક એક સમયમાં વસ્તુના કારણ–કાર્યના વિશેષ (ભેદ) હોય છે. ૨૨૩.**

જુઓ, એકેક સમયમાં કારણ અને કાર્યપણું અનાદિ-અનંત વર્તી રહ્યું છે. પૂર્વ-પર્યાયની અપેક્ષાએ વર્તમાન પર્યાયરૂપ દ્રવ્ય તે કાર્ય છે, ને પછીની પર્યાય અપેક્ષાએ તે જ કારણ છે. એક જ સમયમાં પૂર્વની અપેક્ષાએ 'કાર્ય' છે અને પછીની અપેક્ષાએ 'કારણ' છે. લાકડી સીધીમાંથી આડી થઈ, ત્યાં પહેલાંની સીધી પર્યાયપણે પરિણમેલા પરમાણુઓ તે તેનું કાર્ય છે તથા પછી જે પર્યાય થશે તેનું વર્તમાન પર્યાયયુક્ત પરમાણુઓ કારણ છે. એ રીતે એક જ સમયમાં કારણ–કાર્ય વર્તી રહ્યા છે ને એવી કારણ–કાર્યની ધારા અનાદિ અનંત ચાલી જાય છે. મિથ્યાદર્શનરૂપે પરિણમેલો જીવ બીજા સમયે સમ્યગ્દર્શનપણે પરિણમ્યો. ત્યાં પૂર્વપર્યાયપણે પરિણમેલો

જીવ તે બીજી પર્યાયનું કારણ છે. પણ તેમાં મિથ્યાત્વપરિણામનો અભાવ થઈને સમ્યક્ત્વ પરિણામ થયા છે. તેથી તેને કારણ કહેવું તે વ્યવહાર છે. નિશ્ચયથી તો વર્તમાન સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી તે પર્યાય ધ્રુવ દ્રવ્યના અવલંબને પ્રગટી છે. તેથી નિશ્ચયથી તો ધ્રુવ કારણપરમાત્મા—પરમપારિણામિકદ્રવ્ય તે જ સમ્યગ્દર્શનનું કારણ છે ને નિશ્ચયથી તો ધ્રુવ દ્રવ્ય જ મોક્ષનું કારણ છે. અહીં તો ધ્રુવ અને વર્તમાન બન્નેને સાથે ને સાથે રાખીને કારણકાર્યની વાત કરી છે કે પૂર્વની પર્યાયમાં વર્તતું દ્રવ્ય તે કારણ છે, ને તે પછીની પર્યાયપણે થયેલું દ્રવ્ય તે તેનું કાર્ય છે, તથા તે જ તેના પછીની પર્યાયનું કારણ છે. એ પ્રમાણે કારણ ને કાર્યની સંધિ અનાદિથી ચાલ્યા જ કરે છે. પૂર્વપર્યાયનો વ્યય થયો ને નવી પર્યાયનો ઉત્પાદ થયો તેમાં દ્રવ્ય ધ્રુવ રહ્યું. ત્યાં પૂર્વની પર્યાયમાં વર્તતું દ્રવ્ય કારણરૂપ છે, પછીની પર્યાયમાં વર્તતુ દ્રવ્ય કાર્યરૂપ છે. એમ બધાં દ્રવ્યોમાં કારણ–કાર્ય સમયે સમયે થઈ જ રહ્યો છે. તેમાં બીજો શું કરે? જુઓ! આ સંતોની રચના! જંગલમાં અંતરસ્વભાવની શાંતિમાં ઝૂલતા ઝૂલતાં વિકલ્પ ઉઠયો, ને શાસ્ત્રો રચાઈ ગયાં ત્યાં તેમાં પણ એકેક અક્ષર પડે છે તે તેના પૂર્વપર્યાયમાં રહેલાં પરમાણુઓનું કાર્ય છે ને તે પરમાણુઓ તેનું કારણ- છે. મારા કારણે અક્ષરની પર્યાય થતી નથી ને તે અક્ષરો મારું કાર્ય નથી. જુઓ! આ વીતરાગભાવ!! જગતના દરેક પદાર્થમાં એકેક સમયે તેના સ્વભાવથી જ કારણ કાર્યરૂપ પરિણમન થઈ જ રહ્યું છે, તેમાં બીજો શું કરે? નિમિત્તરૂપ વસ્તુના કારણકાર્ય નિમિત્તમાં છે ને ઉપાદાનના કારણકાર્ય ઉપાદાનમાં છે. આમાં મહાસિદ્ધાંત છે. હું પર જીવની દયા પાળીને તેને બચાવી દઉં—એમ જે માને છે તેણે વસ્તુના કારણ–કાર્યને જાણ્યા નથી, ભાઈ! પરજીવની પર્યાય તેના કારણ–કાર્યથી થાય છે. તેનો પૂર્વ સમયનો ભાવ તે કારણરૂપ છે ને પછીનો ભાવ તે કાર્યરૂપ છે, તેમાં તારું કારણ–કાર્યપણું નથી. તારા કારણ કાર્ય તારામાં ને પરના કારણ–કાર્ય પરમાં. પદાર્થોમાં પૂર્વસમયવર્તી તે કારણ ને ઉત્તરસમયવર્તી તે કાર્ય—આવી કારણ–કાર્યની અતૂટ શંખલા ચાલ્યા કરે છે. પદાર્થ સામાન્ય–વિશેષસ્વરૂપ જ છે. તેમાં કોઈ કોઈના કારણે નહીં, સામાન્ય લીધે તેનું વિશેષ છે—એમ કહો તો વિશેષધર્મની હાનિ થાય છે. બન્ને ધર્મો નિરપેક્ષ છે. નિરપેક્ષતાના સ્વીકારપૂર્વક એકબીજાની અપેક્ષા લગાડાય કે આ વિશેષ કોનું? કે આ સામાન્યનું વિશેષ છે. એક જ વસ્તુમાં સામાન્યપણું ને વિશેષપણું એક સાથે રહેલું છે. વસ્તુની પર્યાય પોતાથી થાય છે. પરથી તે નિરપેક્ષ છે. એમ સ્વતઃસિદ્ધ માન્યા વગર વસ્તુસ્વરૂપ સાબિત થાય નહિ. સ્વતઃસિદ્ધ વસ્તુસ્વરૂપના સ્વીકારપૂર્વક નિમિત્તનું જ્ઞાન કરે તો તે બરાબર છે. વસ્તુની પોતાની પૂર્વ અને ઉત્તર પર્યાયના આશ્રયે જ તેના કારણ–કાર્ય અનાદિ–અનંત વર્તી જ રહ્યાં છે. (ક્રમશઃ)

—o—

# 卐 શુદ્ધ જીવ 卐

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સ્થિતિબંધ સ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશના સ્થાનો નહિ,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦

**અર્થ:—જીવને સ્થિતિબંધ સ્થાનો નથી, પ્રકૃતિસ્થાનો નથી, પ્રદેશસ્થાનો નથી, અનુભાગસ્થાનો નથી કે ઉદયસ્થાનો નથી.**

* વિકાર રહિત, ત્રિકાળી એકરૂપ શુદ્ધજીવને અહીં જીવ કહ્યો છે. *

શુદ્ધ જીવ કેવો છે? એક સમયનો વિકાર, કર્મ, ઉઘાડ કે નિમિત્ત ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં નથી. જીવનો શુદ્ધભાવ ત્રિકાળી એકરૂપ છે, એવા જીવની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

અહીં જીવ કહ્યો છે તે જીવ આખો દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જે પ્રમાણનો વિષય થાય છે તે ન લેવો, તેમ જ વિકારી પર્યાયવાળો કે નિમિત્તના સંબંધવાળો જીવ પણ ન લેવો, પણ વિકાર વિનાનો એકરૂપ ત્રિકાળી શુદ્ધભાવવાળો જીવ લેવો. આવા શુદ્ધ જીવના યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન કરી પોતાના ત્રિકાળી સ્વભાવ તરફ વળે તો તે જીવને વિકારનું અથવા પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે ને આમ બન્ને પડખાનું જ્ઞાન થતાં આખા જીવનું જ્ઞાન યથાર્થ થાય છે ને તે પ્રમાણ જ્ઞાન છે.

આ ગાથામાં શુદ્ધ જીવ કેવો છે તેની વાત કહે છેઃ—

**ટીકા:—આ ગાથામાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધના સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.**

* પોતાના શુદ્ધ સ્વભાવમાં મલિનતા કે અધૂરાશ નથી તથા *
કર્મનો નિમિત્ત-નૈમિત્તિક-સંબંધ પણ નથી.

સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને શુદ્ધ જીવ અથવા નિજ પરમાત્મતત્ત્વ કેવું છે તે કહે છે. શુદ્ધ જીવતત્ત્વ મલિનતા વિનાનું છે. કોઈ પદાર્થમાં અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારીભાવ તેને ઉપરાગ કહે છે. શુદ્ધ જીવમાં તેવો ઉપરાગ નથી. જેવી રીતે સ્ફટિક પાસે રાતું ફૂલ હોય તો સ્ફટિકમાં રાતી ઝાંઈ પડે ને કાળું કપડું હોય તો કાળી ઝાંઈ પડે, રાતા

વખતે કાળી ઝાંઈ ન પડે ને કાળા વખતે રાતી ઝાંઈ ન પડે. કાળી–રાતી ઝાંઈ ઉપાધિને અનુરૂપ છે ને ઉપાધિ નિમિત્ત છે પણ રાતા ફૂલને લીધે રાતી ઝાંઈ પડી નથી. સ્ફટિકની યોગ્યતાના કારણે રાતી ઝાંઈ પડે છે છતાં રાતા ફૂલ વખતે કાળી ઝાંઈ પડે એમ બને નહીં. તેવી રીતે આત્મામાં દર્શનમોહનીય કર્મનો ઉદય હોય ત્યારે જ્ઞાન રોકાય એમ બને નહિ પણ શ્રદ્ધા વિપરીત હોય છે છતાં કર્મને લઈને ખોટી શ્રદ્ધા થઈ નથી. એક સમયે આઠે કર્મો ઉદયમાં છે જ્ઞાનની હીણી દશાને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય અનુકૂળ નિમિત્ત છે પણ જ્ઞાનાવરણીનો ઉદય રાગને અનુકૂળ નથી.

આ પ્રમાણે જ્ઞાન, દર્શન તથા વીર્યની હીણી દશા, દર્શનની વિપરીત દશા, ચારિત્રની વિપરીત દશા વગેરેને ઉપરાગ–ઔપાધિભાવ કહે છે અને તે તે કર્મોને અનુરૂપ છે છતાં કર્મોને લીધે મલિનતા નથી પણ મલિનતા તથા કર્મોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ને સંબંધ એક સમયની પર્યાયમાં છે પણ ત્રિકાળી શુદ્ધજીવમાં તે મલિનતા નથી તેમજ કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. જ્ઞાન-દર્શન તથા વીર્યની હીણી અવસ્થાને, શ્રદ્ધાને તથા ચારિત્રની વિપરીત અવસ્થાને તથા નામ, ગોત્ર, આયુ, વેદનીય તરફના વલણવાળા ભાવને શુદ્ધ જીવ કહેતા નથી કારણ કે પર્યાયમાં રહેલાં રાગ-દ્વેષ તથા અધૂરાશ નીકળી જાય છે માટે તે જીવનું સ્વરૂપ નથી. રાગ-દ્વેષ તથા હીણપ પર્યાયમાં હોવા છતાં તેને વ્યવહાર કહી ગૌણ કરી જીવમાં તે નથી એમ કહી દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. તેથી શુદ્ધ જીવ નિર્દોષ છે. વળી નિજ કહેતાં પોતાના જીવની વાત છે.

## * દ્રવ્યકર્મોનાં સ્થિતિબંધસ્થાનો તેમ જ તે પ્રકારની જીવની પર્યાયની * યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.

"નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મનાં જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ-સ્થાનો નથી."

જીવ પોતાના સ્વભાવને ચૂકીને રાગ-દ્વેષાદિ કરે છે ત્યારે થોડી સ્થિતિનાં, મધ્યમ સ્થિતિનાં ને ઉત્કૃષ્ટ સ્થિતિનાં પુદ્ગલકર્મ બંધાય છે, તે જડ કર્મોની સ્થિતિ છે. તે કર્મોનો સંબંધ પર્યાય સાથે છે. શુદ્ધ જીવમાં એવા સ્થિતિબંધસ્થાનો નથી. વળી જેટલી સ્થિતિનું કર્મ બંધાય છે તે પ્રકારની યોગ્યતા જીવની વિકારી પર્યાયમાં રહેલી છે પણ તે યોગ્યતા તેમ જ કર્મની સ્થિતિ શુદ્ધજીવમાં નથી. જેટલા પ્રમાણમાં પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ તથા અનુભાગ બંધ જડકર્મમાં પડે છે તેટલા પ્રમાણમાં યોગ્યતા આત્માની એક સમયની પર્યાયમાં રહેલી છે. ચાર પ્રકારની યોગ્યતા આત્માની આત્માના કારણે છે ને પુદ્ગલકર્મની યોગ્યતા પુદ્ગલકર્મના કારણે છે. કોઈ કોઈના કારણે નથી, પણ પોતે પોતાના કારણે છે.

અહીં સ્થિતિબંધની વાત ચાલે છે. જેમ રાયણનું ઝાડ અમુક વર્ષે પાકે, આંબો

અમુક વર્ષે પાકે; બીજની ફળરૂપ થવાની એટલી સ્થિતિ છે. તેમ આત્માની પર્યાયમાં થતાં પરિણામ અનુસાર અમુક સ્થિતિનાં કર્મો બંધાય છે તે સ્થિતિબંધ છે, પણ તે કર્મનો સંબંધ પર્યાયમાં છે. એક સમયનો પર્યાય અભૂતાર્થ છે તેથી શુદ્ધ જીવમાં તેનો અભાવ ગણ્યો છે. શુદ્ધ ત્રિકાળી સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરતાં તે સમ્યગ્દર્શનનું કારણ છે.

## * દ્રવ્ય કર્મોનાં પ્રકૃતિબંધસ્થાનો તેમ જ તે પ્રકારની જીવની * પર્યાયની યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.

"જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મોને યોગ્ય એવો જ પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે. તેનાં સ્થાનો (નિરંજનપરમાત્મતત્ત્વને) નથી."

જીવ જેવા ભાવ કરે તે પ્રકારે કર્મની પ્રકૃતિનો બંધ થાય છે. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે, દર્શનાવરણીય કર્મ દર્શનને રોકે–એમ જીવને સંસારમાં જુદી જુદી કર્મની પ્રકૃતિનો બંધ નિમિત્તરૂપ હોય છે ને તે પ્રમાણે જીવની એક સમયની પર્યાયમાં યોગ્યતા છે. તે યોગ્યતાને તથા કર્મની પ્રકૃતિ બંધાવાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. પણ તે યોગ્યતા ને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ત્રિકાળી સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવ તો એકરૂપ શુદ્ધ છે. કોઈ માણસ કોઈવાર ચોરી કરે, તેથી કાયમ ચોરી કરશે એવું તેનું સ્વરૂપ નથી. ચોરી ક્ષણિક અપરાધ છે. ત્રિકાળમાં તે અપરાધ નથી. ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં રાગ-દ્વેષ તથા હીનતાની યોગ્યતાવાળી પર્યાય નથી તેમ જ પ્રકૃતિબંધ નથી. આવા ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા કરે તો પર્યાયમાં જે કર્મ સાથેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે તે ક્રમેક્રમે તૂટી વીતરાગદશાની પ્રાપ્તિ થાય.

## * દ્રવ્યકર્મોનાં પ્રદેશ બંધ સ્થાનો તેમ જ તે પ્રકારની જીવની * પર્યાયની યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.

"અશુદ્ધ અંતઃતત્ત્વના (અશુદ્ધ આત્માના) અને કર્મ પુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે. આ બંધના સ્થાનો પણ (નિરંજન નિજપરમાત્મતત્ત્વને) નથી."

વિકારી પર્યાયને અશુદ્ધ અંતઃતત્ત્વ કહે છે, કારણ કે તે પોતાની એક સમયની પર્યાય છે. કર્મને બાહ્યતત્ત્વ કહે છે ને ત્રિકાળી શુદ્ધસ્વભાવને શુદ્ધ અંતઃતત્ત્વ કહે છે. જીવ પોતાનો સ્વભાવ ચૂકીને પર્યાયમાં જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા તથા રાગ-દ્વેષ વગેરે ભાવો કરે છે તે મલિનતા છે, ને તે મલિનતાને યોગ્ય કર્મનો બંધ પડે છે, તે જડકર્મો આત્માના એકક્ષેત્રે આવીને રહે–એવો મલિન પર્યાયને તથા જડકર્મોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેને પ્રદેશબંધ કહે છે. પણ શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો મલિનતા તેમ જ જડકર્મોનો પ્રદેશબંધ શુદ્ધ સ્વભાવમાં છે જ નહિ. જો સ્વભાવમાં મલિનતાને તે સંબંધ હોય તો સ્વભાવ તે રહિત કદી થઈ શકે નહિ. તે

પ્રકારની યોગ્યતા પર્યાયમાં પોતાના કારણે છે. કોઈ કર્મના કારણે તે મલિનતા નથી. તે યોગ્યતા એક સમય પૂરતી છે. શુદ્ધ સ્વભાવમાં તે યોગ્યતા નથી. શેરડીની ઉપરની કાળી અથવા લાલ પાતળી છાલ તે શેરડીનું ખરું સ્વરૂપ નથી. તે છાલ કાઢી નાખવાથી અંદર શેરડી સફેદ મીઠી રસકસવાળી છે. તેમ વિકારીભાવ શેરડીની ઉપલી છાલ જેવા છે અશુદ્ધતત્ત્વ છે તે વિનાનો ત્રિકાળી સ્વભાવ નિજ પરમાત્મતત્ત્વ અંદર સફેદ ને મીઠી શેરડીની જેમ, મીઠો મહેરામણ, આનંદકંદ, જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે શક્તિનો ભરેલો પડયો છે. પર્યાયબુદ્ધિનો તથા એક સમયના પ્રદેશબંધનો નિષેધ કરી શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શનનું કારણ છે.

## * કર્મનાં અનુભાગ બંધસ્થાનો તથા જીવની–પર્યાયની તે પ્રકારની * યોગ્યતા શુદ્ધ જીવમાં નથી.

"શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખ-દુઃખરૂપ દેવાની શક્તિવાળો તે અનુભાગ બંધ છે. આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી."

જીવ પોતાનો શુદ્ધ સ્વભાવ ચૂકે છે ત્યારે પર્યાયમાં રાગદ્વેષ થાય છે ને જેવા રસવાળા તીવ્ર કે મંદ પરિણામ કરે તેવા રસવાળા–અનુભાગવાળા કર્મોનો બંધ પડે છે. કર્મમાં રસ હોય છે, તેના નિમિત્તે સુખ-દુઃખરૂપ ફળ આપે છે, પણ કર્મનો અનુભાગ કર્મમાં હોય છે. તે આત્માને અનુભાગ આપતો નથી ને આત્માની પર્યાયનો અનુભાગ આત્માની પર્યાયમાં હોય છે. બન્ને સ્વતંત્ર છે. છતાં પર્યાયમાં એક–બીજાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે પર્યાયની યોગ્યતા તેમ જ કર્મના અનુભાગબંધસ્થાનો શુદ્ધ જીવમાં નથી. જ્ઞાન–દર્શનની હીણી અવસ્થા, રાગ–દ્વેષાદિની અવસ્થા વગેરે અસંખ્ય પ્રકારે પર્યાયમાં હોય છે પણ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય એકાકાર સ્વભાવમાં તેનો અભાવ છે માટે શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે ધર્મનું કારણ છે.

## * દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો ઉદય શુદ્ધ જીવમાં નથી. *

"વળી દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી."

દ્રવ્યકર્મનાં ઉદય એટલે જ્ઞાનાવરણાદિ જડકર્મનો ઉદય ને તે તરફના વલણથી પર્યાયમાં થતી હીનતા તથા રાગ–દ્વેષ તેને ભાવકર્મનો ઉદય કહે છે. જ્ઞાન–દર્શન, વીર્યની હીનતા, શ્રદ્ધા તથા ચારિત્રની વિપરીતતા વગેરે પ્રકારની યોગ્યતા પર્યાયમાં છે. પણ તે એક સમયની અવસ્થા છે. એક સમયની હીનતા અથવા વિપરીતતાનો તેમ જ જડકર્મના ઉદયનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. અશુદ્ધતા કદી પણ સ્વભાવમાં પેઠી નથી. માટે એવા ત્રિકાળી શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાથી ધર્મ થાય તેમ છે. કર્મના,

વિકારના કે પર્યાયનાં આશ્રયે ધર્મ થતો નથી, તેથી અહીં ગાથામાં કહ્યું છે કે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ ને પ્રદેશબંધ તથા જડ-કર્મના ઉદયનું તેમ જ તે પ્રકારની એક સમયની પર્યાયની યોગ્યતા ઉપરનું લક્ષ છોડી શુદ્ધ જીવતત્ત્વનું લક્ષ કર તો ધર્મદશા પ્રગટ થશે.

એવી રીતે ( આચાર્યદેવ ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરીએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧ માં શ્લોક દ્વારા કહ્યું છે કે:—

**[ શ્લોકાર્થ:- ] ' જગત મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો સ્પષ્ટપણે ઉપર તરતાં હોવા છતાં ખરેખર સ્થિતિ પામતાં નથી. '**

## * ત્રિકાળી શુદ્ધસ્વભાવમાં વિકારી ભાવો કદી પેઠા નથી *
## એવા સમ્યક્ શુદ્ધ સ્વભાવને અનુભવો.

જગત કહેતાં જગતના જીવો. અહો ! જગતનાં જીવો ! નિમિત્ત, વિકાર ને પર્યાયની રુચિ છોડીને સર્વ તરફથી પ્રકાશમાન એવા શુદ્ધસ્વભાવને જ અનુભવો. ચૈતન્ય સમસ્વભાવી સૂર્ય એક સમયમાં આખો પડયો છે તેને યાદ કરો, ને વિકાર અભૂતાર્થ છે તેને ભૂલી જાઓ. અહીં મુનિરાજ આખા જગતને સાગમટે નોતરું આપે છે. શુભાશુભ પરિણામનો શુદ્ધ આત્મામાં પ્રવેશ નથી. જેમ પાણીમાં તેલ ઉપર તરે છે તેમ રાગ-દ્વેષ ઉપર ને ઉપર તરે છે. આત્મા કર્મથી બંધાયેલો છે ને કર્મો આત્માની સાથે એકક્ષેત્રે રહેલાં છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયની વિકારી પર્યાય સાથે છે. શુદ્ધ સ્વભાવમાં તે વિકાર પેસતો નથી. જેમ મકાન બંધ હોય તો તેમાં બહારનો માણસ પેસી ન શકે તેમ એક સમયનો સંસાર ત્રિકાળી સ્વભાવમાં પેસતો નથી. જ્ઞાન દર્શનની હીણી અવસ્થા, રાગ-દ્વેષની વિકારી અવસ્થા તે એક સમયની પર્યાયમાં છે. વસ્તુસ્વભાવ એકરૂપ સદશ અનાદિ અનંત છે, માટે ધ્રુવ પદાર્થની શ્રદ્ધા કરો. તેની શ્રદ્ધા કરવાથી આઠે કર્મોનો ને રાગદ્વેષનો સર્વથા દષ્ટિ અપેક્ષાએ નાશ થાય છે ને વીતરાગતા પૂરી થતાં રાગ-દ્વેષનો સર્વથા નાશ થઈ આઠે કર્મોનો નાશ થશે. ત્રિકાળશક્તિ જે ભરી છે તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થશે માટે એવા શુદ્ધ સ્વભાવને અનુભવો.

વળી ૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ એ શ્લોક કહે છે :—

**શ્લોકાર્થ:—જે નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે ( અથાત્ જ્યાં વિપદા બિલકુલ નથી ) એવા આ જ પદને હું અનુભવું છું.**

## * શુદ્ધ–આત્મપદ જ્ઞાન ને આનંદનો ભંડાર છે ને વિભાવના * અત્યંત અભાવરૂપે છે

શુદ્ધ–આત્મપદ જ્ઞાન ને આનંદરૂપી સંપદાની ખાણ છે. તેના શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રતા કરવાથી જ્ઞાન ને આનંદની પર્યાયો વહ્યા કરે છતાં પણ કદી ખૂટે નહિ. વળી તેમાં કોઈ પણ જાતની વિપદા નથી માટે શુદ્ધ પદ એક જ શરણ છે. પૈસા, મકાન, બૈરા, છોકરા કોઈ શરણ નથી. મરણ વખતે તે કોઈ મદદગાર થતાં નથી, પણ શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કર્યા હોય તો તે શરણરૂપ છે. શુદ્ધસ્વભાવમાં વિકારનો અભાવ છે. સંસાર અથવા વિકાર એક સમયની પર્યાયમાં છે, પણ ત્રિકાળ સ્વભાવમાં તે નથી. મુનિરાજ છઠ્ઠી–સાતમી ભૂમિકાએ ઝૂલતા હતા, તેઓ કહે છે કે હું આ શુદ્ધ પદને જ અનુભવું છું.

આ પ્રમાણે શુદ્ધપદના શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રતા કરવા તે ધર્મ છે. [ક્રમશઃ]

—*—

---


શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ)ના ભૂતપૂર્વ પ્રમુખ

સ્વ. વકીલ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી દ્વારા સંકલિત

## ધર્મની ક્રિયા

—ની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ ગઈ છે. પડતર કિંમત રૂા. ૧૨=૭૦ થઈ હોવા છતાં સાહિત્યપ્રચારની ભાવનાથી તેની વેચાણ કિંમત પ્રકાશક ટ્રસ્ટ દ્વારા માત્ર રૂા. ૫=૦૦ રાખવામાં આવી છે. 'શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દિ સત્‌સાહિત્ય ટ્રસ્ટ' દ્વારા આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

પુસ્તક પ્રાપ્તિનું સ્થળ :—

શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દિ સત્સાહિત્ય ટ્રસ્ટ,<br>
પ્લોટ નં. ૧૬૬/૧, 'કલાનિધિ',<br>
SION (WEST), BOMBAY-400022

*   *   *

સ્વ. પં. શ્રી મખ્ખનલાલજીની (હિન્દી) ટીકાયુક્ત

## પંચાધ્યાયી

—નો બ્ર૦ વ્રજલાલ ગિરધરલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરવાનું કાર્ય 'શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દિ સત્‌-સાહિત્ય ટ્રસ્ટ'ની યોજનાતળે છે. જેમને આ બાબત વિશેષ માહિતી જોઈતી હોય તેઓ ઉપરોક્ત ટ્રસ્ટનો સંપર્ક સાધે. *


---

[ મહિમાવંત....ટાઈટલ પેઈજ ૨ થી ચાલુ ]

તો એક શુદ્ધ પરિપૂર્ણ ત્રિકાળી જ્ઞાયક પરમભાવ જ છું', પણ તે એમ નથી ભાવતો કે 'શરીરાદિ પરદ્રવ્યના સંબંધવાળો, પુણ્યપાપના વિભાવવાળો, પરલક્ષી જ્ઞાનના ઉઘાડવાળો કે અધૂરી–પૂરી પર્યાય જેટલો હું છું'. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ થતી નિર્મળ પર્યાયે પરિણમેલો સાધક જીવ એમ જાણે છે કે 'હું તો ત્રિકાળશુદ્ધ આનંદનિધાન જ્ઞાયક પરમભાવ જ છું; મારા અનંત મહિમાવંત પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ સડેલાં તરણા જેવો તુચ્છ છે'.

**"બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય—નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી.'**

સહજ જ્ઞાનાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પરમભાવ આગળ ત્રણ ભુવનની ઋદ્ધિ પણ તુચ્છ છે. એ તો ઠીક પણ મારી જે સાધનામય શુદ્ધ પર્યાય દ્રવ્યસ્વભાવના—પરમભાવના—આલંબને પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના જોરે કહું છું કે, મારી નથી. બાયડી, છોકરાં, કુટુંબ ને બીજો ધૂળધમાસો તો ક્યાંય રહી ગયો, દયા, દાન, વ્રત ને ભક્તિ વગેરે શુભભાવ પણ ક્યાંય રહી ગયા, અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિના જોરે સ્વના આશ્રયે પ્રગટતી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ નિર્મળ પર્યાય પણ આત્માનું મૂળ સ્વરૂપ નથી. દ્રવ્યદૃષ્ટિના બળે જ્ઞાની એમ કહે છે કે—સ્વભાવના અવલંબને મને જે નિર્મળ પર્યાય પ્રગટી તેની પણ મને કિંમત કે મહત્તા નથી; મારે તો, આશ્રય તરીકે તો પૂર્ણાનંદ જ્ઞાયક પ્રભુ જ જોઈએ છે, આલંબન માટે મને તે એકની જ મહત્તા અને કિંમત છે. અહા ! જુઓ આ જ્ઞાનીની દૃષ્ટિનું જોર, ચોથા ગુણસ્થાનની—ધર્મના એકડાની—દશા. અરે ! હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું ?—આ જ્ઞાયક ધ્રુવ તત્ત્વ કોણ છે ? ક્યાં છે ? —એ કાંઈ ખબર જ ન મળે ને લોકો વ્રત, તપ ને ભક્તિની બાહ્ય ક્રિયામાં માની બેઠા ધર્મ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તો અંદર દ્રવ્યદૃષ્ટિના જોરે એમ માને છે કે—હું તો, સ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય—સાધકદશા—પ્રગટી તેનાથી પણ કથંચિત્ ભિન્ન જ્ઞાયક પરમદેવ છું; નિર્મળ પર્યાય જેવડો પણ નહીં હું તો આ ત્રિકાળશુદ્ધ ધ્રુવ પારિણામિક દ્રવ્ય છું.

અરેરે ! કલ્યાણની આવી વાતો સાંભળવા મળી નથી કોઈ દી ને જિંદગી એમ ને એમ ચાલી જાય છે. જિંદગી પૂરી થાય ને જાય રખડવા. ક્યાં ગયો એનો પણ પત્તો નહીં લાગે. અરે ! શરીર વગેરે પરચીજ કે દી એની હતી કે એની પાસે રહે ? જ્યાં રાગ પણ એનો સ્વભાવ નથી ત્યાં પરદ્રવ્ય તો તેનું ક્યાંથી થાય ? અહીં તો કહે છે : જે નિર્મળ પર્યાય થઈ તે પણ, મારા ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પરમભાવને જોતાં, અરે ! દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી. 'તું હી દેવનો દેવ.' તું કોણ છો ? હું આનંદકંદ પરમાત્મા, પરમભાવ પરમસત્ત્વ છું. તેની દૃષ્ટિના જોરે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે

પણ મારું ત્રિકાળી સ્વરૂપ નહિ. અહા! આવી છે ધર્મની વાતો; વીતરાગ પરમાત્માનો આ માર્ગ છે.

અહીં બેન એમ કહે છે કે—નિજ જ્ઞાયક પરમભાવ પાસે ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજી વાત તો શું કરવી?—એટલે કે આ સ્ત્રી, પુત્ર ને પરિવાર, લક્ષ્મી, આબરૂ ને મકાન વગેરે બાહ્ય ચીજો તો બધી કયાંય રહી ગઈ; અને રાગદ્વેષ ને શુભાશુભ વિભાવ પણ મારો સ્વભાવ નહિ, તે પણ ઠીક, અંતરમાં આનંદસ્વરૂપ જે શુદ્ધ જ્ઞાયક ભગવાન આત્મા તેના આશ્રયે પ્રગટ થયેલી જે મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાય તે પણ, ત્રિકાળશુદ્ધ નિજ દ્રવ્યની દૃષ્ટિથી—શુદ્ધ જ્ઞાયક દ્રવ્યસામાન્યના આલંબનના જોરે—કહું છું કે, મારી નથી. આલંબન લેવા માટે—આશ્રય કરવા માટે—કીમતી ચીજ ધ્રુવ દ્રવ્યસામાન્ય છે, પર્યાયાંશ નહિ અહા! ગજબની વાત છે; આ વાત લોકોને કાને પડી નથી, કદી સાંભળી નથી. ભગવાન જે કહે છે તે જ બહેન કહે છે; બહેનની વાણી તે પરમાત્માની વાણી છે, પરમાત્મા પાસેથી આવેલી છે.

બીજી ચીજ તો કોઈ મારી નથી—શિષ્ય, ગુરુપદ, દેવ-શાસ્ત્ર-ગુરુ કે પંચપરમેષ્ઠી વગેરે મારાં નહિ—પણ ધ્રુવ સ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી; કેમકે હું તો—મારું સનાતન સ્વરૂપ તો—ત્રિકાળ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક છું. શુદ્ધ પર્યાય ઉપર જો નજર—જોર રહે તોપણ દૃષ્ટિ મિથ્યા થઈ જાય. અહાહા! કેવળીના કેડાયત દિગંબર સંતોની વાતો આવી છે ભગવાન!

ઘણા ઉપદેશકો ઉપદેશમાં કહે છે કે—બીજાનું ભલું કરવું, ગરીબોને મદદ કરવી અને બધા સાથે સંપ કરવો; પણ ભાઈ! દ્રવ્યને—આત્માને—સાધના પ્રગટ કરવા માટે પોતાની નિર્મળ પર્યાયનો પણ આશ્રય નથી તો બીજા સાથે સંપ રાખવાની વાત તો કયાંય રહી ગઈ. જ્ઞાયકદ્રવ્યને નિર્મળ પર્યાયનું પણ આલંબન નથી, તો હવે તારે કોની સાથે સંપ કે સંબંધ રાખવો છે? એક સમયવર્તી જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તે પણ બીજે સમયે વિલય થઈ જાય છે, તો હવે તારે બીજા કોના સંગમાં, સંપમાં કે સંબંધમાં રહેવું છે? અહીં તો કહે છે કે—ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય તે જ હું છું; તેના આશ્રયના બળથી કહું છું કે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ મારી નથી.

'મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે.'

'અહા! દ્રવ્યસ્વભાવની શી અગાધતા! મારા દ્રવ્યમાં જ્ઞાન, આનંદ, વીર્ય આદિ અનંત ગુણ-ઓરડાઓ અનંત અનંત ઋદ્ધિઓથી ભરેલા છે. દ્રવ્યસ્વભાવનું તળિયું પકડતાં આવડે તેને તેનો અગાધ ને અમાપ મહિમા હાથ લાગે. અહીં 'મારો દ્રવ્યસ્વભાવ' કહીને ત્રિકાળી જ્ઞાયકની અગાધતા ને અમાપતા કહેવી છે; 'પર્યાય'ની વાત અહીં કહેવી નથી. સ્વભાવને સીમા હોય નહિ, તે તો અગાધ ને અમાપ જ હોય.

ગુણસમુદ્ર ભગવાન આત્મા અગાધ છે, અમાપ છે; બહિર્લક્ષી જ્ઞાનથી કે વિકલ્પથી તેનો પાર પામી શકાતો નથી માટે તે દ્રવ્યસ્વભાવ અમાપ છે. સમજાણું કાંઈ? અરેરે! વાણિયાઓને આખો દી પાપના વેપારધંધા આડે આ વાત સાંભળવાની પણ નવરાશ ન મળે! બે-ચાર કલાક સત્સમાગમનો કે શાસ્ત્ર વાંચવાનો સમય પણ ન કાઢે, અરે ભાઈ! તારે મરીને જાવું છે કયાં? ભાઈ! સત્સમાગમના પ્રતાપે સ્વભાવ પ્રત્યેનું અંતરમાં બહુમાન આવે તો, ભલે હજી સ્વભાવ દીઠો ન હોય તોપણ, તે દેહ છોડીને સ્વર્ગમાં જાય. પોતાથી દિવ્ય શક્તિનું ભાન જે પ્રગટ કરે તેને, દેવનો એકાદ ભવ કરીને મોક્ષની પ્રાપ્તિ થાય. અંતરનો જ્ઞાયક દેવ તો કોઈ અગાધ ને અમાપ છે! તેનામાં એટલાં ગુણરત્નો છે કે તેની અનંતતાનો, અગાધતાનો તાગ વિકલ્પથી કે બહિર્લક્ષી બુદ્ધિથી આવી શકે એવો નથી.

અગાધ દ્રવ્યસ્વભાવ વિકલ્પગમ્ય નથી છતાં તેને ગ્રહણ કરવાનું, જાણવાનું, માપી લેવાનું સામર્થ્ય—તાકાત દ્રવ્યની પર્યાયમાં છે. પર્યાય અમાપનું માપ લઈ લે, છતાં એ અમાપ દ્રવ્ય પર્યાયમાં આવે નહિ—પર્યાયમાત્ર થઈ જાય નહિ; દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તે તેની પૂર્ણ પર્યાયમાં વ્યક્ત થઈ ગયું. અરે! આ વાત તો લોકોએ નેવે મૂકી અને લોકો કહે કે—સામાયિક કરો, પોસા કરો, પ્રતિક્રમણ કરો ભક્તિ કરો, ને યાત્રા કરો, અને બહુ તો ઉપધાન કરો; બસ થઈ ગયો ધર્મ! પણ ભાઈ! તારો પંથ કોઈ નિરાળો છે. તારો દ્રવ્યસ્વભાવ કોઈ અગાધ ને અમાપ છે, તેના ઉપર દૃષ્ટિનું જોર આપવાથી કલ્યાણનો પંથ શરૂ થશે.

અસંખ્યાત યોજનના વિસ્તારવાળો સ્વયંભૂરમણ સમુદ્ર અગાધ છે; તેના તળિયે એકલાં રત્નો ભર્યાં છે. સ્વયંભૂરમણ સમુદ્રની જેમ આત્મામાં પણ અનંત અનંત અનંત ગુણરત્નો ભર્યાં છે. અહા! આત્મસ્વભાવ તો અગાધ ને અમાપ છે.

**'નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.'**

અહા! અગાધ ને અમાપ એવા દ્રવ્યસ્વભાવના આશ્રયે પર્યાયમાં આત્માને આનંદનું વેદન પ્રગટ્યું, પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી. આનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પ્રભુનો જેને અંદર પર્યાયમાં સ્વીકાર થયો, જ્ઞાયકનો સ્વીકાર—આશ્રય થતાં આત્માની પર્યાયમાં નિર્મળતા થઈ, પણ તે નિર્મળ પર્યાયની પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય આગળ કિંમત નથી, વિશેષતા નથી; કિંમત ને વિશેષતા તો આશ્રયભૂત ભગવાન આત્માની છે. દયા, દાન, ભક્તિ કે અન્ય રાગની તો શી વાત કરવી? એની તો કિંમત છે જ નહિ, પણ દ્રવ્યસ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેની પણ દ્રવ્યશક્તિ પાસે કિંમત નથી. અહા! ગજબનો અધિકાર આવી ગયો છે.

વેદનસ્વરૂપ તો પર્યાય છે, દ્રવ્ય નહિ; દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ છે. નિર્મળ પર્યાયનું ભલે આત્માને વેદન ભલે હો પણ સામર્થ્યભરપૂર ત્રિકાળી દ્રવ્ય પાસે તેની કિંમત કે વિશેષતા નથી. અહા! આ બોલમાં માલ-માલ આવી ગયો છે, કુદરતે જગતના પુણ્ય છે ને! આ તો ખાસ બહાર, વાત બહુ અલૌકિક આવી ગઈ છે.

મારો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, જ્ઞાયકભાવ કોઈ અગાધ છે, તેની આગળ પર્યાયની કિંમત શી! એક સમયની નિર્મળ પર્યાયમાં જ્ઞાયકનો અમાપ સ્વભાવ જાણવામાં આવ્યો, છતાં પણ વસ્તુસ્વભાવ તો અમાપ છે, છદ્મસ્થ જ્ઞાન—ચાર જ્ઞાન પણ—તેનો પાર પામી શકતું નથી. અહા! ગજબ વાત છે ને!

નિર્મળ પર્યાયનું વેદન ભલે હો—અનુભવ અર્થાત્ વેદન પર્યાયમાં હોય છે, ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્યમાં નહિ—પરંતુ દ્રવ્યસ્વભાવ આગળ તેની વિશેષતા નથી.

'—આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે **ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે.**'

જેની આગળ ત્રણ લોકનો વૈભવ સડેલાં તરણાં જેવો છે તે નિજ પરમભાવને ગ્રહણ કરનારી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે જ્યારે અંતરમાં શરીરાદિ પરદ્રવ્ય ને શુભાશુભ સમસ્ત વિભાવથી રહિત, જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ચમત્કારી ગુણોથી સદા ભરપૂર, એવા નિજ શુદ્ધ ચૈતન્યસામાન્યનો મહિમા લાવી, બધાથી—નિમિત્ત, રાગ ને પર્યાયભેદથી—પાછો ફરી, જીવ પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવ તરફ વળે ત્યારે. અહા! આવી દૃષ્ટિ ક્યારે પ્રગટ થાય?—જીવ પોતા તરફ વળે ત્યારે. જીવ, બધાથી પાછો ફરી, પોતા તરફ વળે—જ્ઞાયકનો આશ્રય કરે—ત્યારે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય. અહા! ભાષા છે સીધી ને સાદી, પણ ભાવ ગંભીર છે. આ તો તદ્દન સિદ્ધાન્તનું દોહન છે. અરે! જગતનાં ભાગ્ય કે આવી વસ્તુ બહાર આવી ગઈ; બરાબર ટાણે આવી ગઈ છે.

વસ્તુસ્વભાવ ઉપર જીવની દૃષ્ટિ ક્યારે જાય કે બધાંથી પાછો વળી અંતરમાં વળે ત્યારે. અહા! ભાષા સાદી છે પણ ગંભીરતા ઘણી છે. મારા દ્રવ્યસ્વભાવ આગળ આખું જગત તુચ્છ છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ તો, શરીરાદિ પરદ્રવ્યોનો તથા દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે શુભ રાગના વિકલ્પોનો મહિમા તો છે જ નહિ, પણ સ્વભાવના લક્ષે થયેલી પોતાની નિર્મળ પર્યાયોનો પણ, આલંબન લેવા માટે, મહિમા નથી. ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ધ્રુવ આત્માની આગળ પર્યાયની વિશેષતા નથી. અંતરમાં ચૈતન્યસામાન્યની દૃષ્ટિ, આલંબન ને મહિમા પ્રગટે છે ત્યારે નિર્મળ દશા સહજ થાય છે. સમજમાં આવ્યું? દ્રવ્યદૃષ્ટિ અને આત્માનો મહિમા ક્યારે પ્રગટ થાય?—કે આત્માની વર્તમાન પરિણતિ, બધાથી પાછી ફરીને, જ્ઞાયક દ્રવ્યસામાન્ય તરફ ઝૂકે ત્યારે. પોતાની વર્તમાન પર્યાય દ્રવ્યસ્વભાવ તરફ ઝૂકે ત્યારે તેનો સાચો મહિમા આવે છે, તે પહેલાં

સાચો મહિમા આવતો નથી. અરે! અજાણ્યા માણસને એવું થાય કે—આ શું? આવી વાતો? આમાં દયા, દાન, વ્રત, ઉપવાસ કે ભક્તિ વગેરે કરવાનું તો કાંઈ આવતું નથી! ભાઈ! આત્માને ઓળખ્યા વિના ઉપવાસ—રોટલા છોડવા—એ તો બધી લાંઘણ છે, કદાચિત્ કષાય મંદ કર્યો હોય તો શુભ વિકલ્પ છે. તે આત્માનો ધર્મ કે ભવપરિભ્રમણના અંતનો ઉપાય નથી. નિજ શુદ્ધાત્મતત્ત્વના જ્ઞાન ને અનુભવ વિના ભવભ્રમણનો અંત કદી આવતો નથી.

'આત્મવલોકન' ગ્રંથમાં દાન, તપ ને દયા વગેરેનું સ્વરૂપ કહ્યું છે ને—

નિજ સ્વભાવભાવ—શક્તિરૂપ જ જીવદ્રવ્ય છે. અવ્યક્ત જે નિજ સ્વભાવભાવ તેની અભિવ્યક્તિ થતાં જે સમયે જીવ સ્વરૂપે પરિણમન કરે છે—પોતાને સ્વભાવ-પરિણમન દે છે—તે જ દાન છે.

શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઇષ્ટ મિત્ર, શત્રુ વગેરે પરજ્ઞેયોને છોડવાં અર્થાત્ તેમના પ્રત્યે મમતા રહિત પરિણતિ થવી તથા તેમના પ્રત્યેની તૃષ્ણા છૂટી જવી અને પોતાના સ્વભાવમાં સ્થિરતારૂપ શોભન—પ્રતપન થવું તે જ તપ છે.

વિકારમય પરિણામો દ્વારા પોતાના નિજસ્વભાવનો ઘાત નહિ કરવો તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે જ દયા છે.

અહા! બહિર્લક્ષી દયા, દાન, તપ ને ભક્તિ વગેરે બધાથી પાછો ફરી, પોતાના ત્રિકાળી નિત્યશુદ્ધ જ્ઞાયક દ્રવ્યનો અંતરમાં મહિમા લાવી, જીવ પોતા તરફ વળે—જ્ઞાયક આત્માને ગ્રહણ કરે—ત્યારે સાચી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે.

—o—

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

* અષાડ સુદ ૮ શનિવાર, તા. ૪–૭–૮૭ થી અષાડ સુદ ૧૫, શનિવાર તા. ૧૧–૭–૮૭—આઠ દિવસ સુધી શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા શાશ્વતપર્વ, શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં 'શ્રી નંદીશ્વરબૃહદ્‌મંડલવિધાન-પૂજા' તેમ જ આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલ વૈરાગ્ય ને ભક્તિરસભીની જિનેન્દ્રભક્તિપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* અષાડ વદ ૧, શનિવાર તા. ૧૧–૭–૮૭ ના રોજ 'શ્રી વીરશાસન જયંતી'નો પર્વ પૂજા-ભક્તિના વિશેષ ઉત્સવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેન શ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં રૂા. ૪૦૦૧/– શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર પરિવાર (મુંબઈ) તરફથી શ્રી નંદીશ્વરાદિ વિવિધ ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

દાદર ( મુંબઈ )માં આનંદપૂર્વક ઉજવાયેલો

# 卐 જિનેન્દ્ર-વેદીપ્રતિષ્ઠા-મહોત્સવ 卐

ઋષભ જિણંદ પધારીયા, મહાપદ્મ ભગવંત;
જિનવર ભાવિ વિદેહના, મંગલમૂર્તિ જિણંદ.

શુદ્ધાત્મવિદ્યાની સાથે સાથે દેવ-ગુરુની અનુપમ મહિમા બતાવનારા અધ્યાત્મમૂર્તિ સ્વાનુભવી સંત પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સાતિશય સત્પ્રભાવથી તેમની મંગલવર્ધિની કલ્યાણી ઉપસ્થિતિમાં ( વિ. સં. ૨૦૨૦ ) નિર્મિત તેમ જ પંચકલ્યાણક મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠિત, દાદર ( મુંબઈ )ના શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરમાં ઉપર ( શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં ) સંગેમર્મરનિર્મિત નૂતન મનોહર વેદી ઉપર બિરાજમાન થનારા—૧૦૦૮ પરમ પૂજ્ય શ્રી આદિનાથ ( ૬ ફૂટ ઉન્નત, વિશાલ ખડ્ગાસનસ્થ ) તેમ જ તેમની બન્ને બાજુએ બિરાજમાન થનારા ધાતકીદ્વીપવિદેહક્ષેત્રના ભાવી જિનવર તથા જમ્બુ-ભરતક્ષેત્રના ભાવી ભગવાન શ્રી મહાપદ્મ જિનવર ( બન્ને ૨॥ ફૂટ ઉન્નત, પદ્માસનસ્થ )—આ ત્રણે જિનવરોના અતિ રમણીય ભવ્ય વીતરાગભાવવાહી જિનબિંબોની—જેમની પંચકલ્યાણકપ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયની પાવન પ્રતિષ્ઠા પ્રસંગે, જિનેન્દ્રભક્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છાયામાં થઈ હતી તેમની—વેદીપ્રતિષ્ઠાનો મંગલ મહોત્સવ દાદર ( મુંબઈ )માં તા. ૫-૬-૮૭ થી તા. ૭-૬-૮૭ ત્રણ દિવસ સુધી પરમ તારણહાર પૂજ્ય કહાનગુરુદેવના પુનીત પ્રતાપે તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ આશીર્વાદથી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ મંગલ મહોત્સવમાં બૃહદ્ મુંબઈના ચારેય મંડળોના લગભગ ૨૦૦૦ થી અધિક મુમુક્ષુઓએ આનંદોત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. દાદર દિ. જૈન મુમુક્ષુમંડળના અધ્યક્ષ શ્રી જયંતીલાલ ધનજીભાઈ દોશીનો સહકાર ઉલ્લેખનીય હતો. તેઓ બોલી બોલવામાં એટલા ઉત્સાહિત થઈ જતા હતા કે બોલીની વચ્ચે 'લાખવાર કરોડવાર, અનંતવાર ભાવી જિનવરનો જયજયકાર' એમ જોરશોરથી જયકારનો નાદ ગજવતા હતા અને તેઓ ફરી ફરી મુમુક્ષુઓને પ્રોત્સાહિત કરતા હતા કે "આપણા કહાનગુરુદેવ કે જેઓ ભવિષ્યમાં ધાતકી-વિદેહમાં જિનવર થવાના છે તે ભાવી જિનવરનું જ આ વીતરાગ જિનબિંબ છે, તેને બિરાજમાન કરવાની આ બોલી બોલવામાં આવી રહી છે." મહોત્સવના પ્રસંગે અધ્યક્ષશ્રીએ કેટલીય વખત પોતાની એ ભાવના વ્યક્ત કરી હતી કે ધાતકી-વિદેહના ભાવી તીર્થંકર ભગવાનની સ્થાપના બૃહદ્-મુંબઈના, પૂજ્ય ગુરુદેવના સત્પ્રભાવથી નિર્મિત ત્રણ દિગંબર જિનમંદિરોમાં તો થઈ ગઈ, હવે મુંબઈમાં ઝવેરીબજારસ્થિત શ્રી સીમંધર-

સ્વામી દિગંબર જિનમંદિરમાં પણ બિરાજમાન થવા જોઈએ. બોલી વડે જિનમંદિરને સાડા આઠ લાખ રૂપિયાની આવક થઈ. ઉત્સવને વિશેષ સફળ બનાવવામાં ઉપાધ્યક્ષ શ્રી પ્રેમચંદભાઈ ઝોબાળીયા, મંત્રી શ્રી અનિલભાઈ કામદાર, શ્રી કાંતિભાઈ ગાંધી તેમ જ શ્રી રશ્મિભાઈ મોદી આદિ અન્ય કાર્યકરોનો સહકાર પણ ઉલ્લેખનીય હતો.

પરમદેવાધિદેવ શ્રી આદિનાથ ભગવાનને નૂતન વેદી પર પ્રતિષ્ઠિત કરવાનું મહાન સૌભાગ્ય શ્રી મધુભાઈ હરીલાલ પોપટલાલ ચોટીલાવાળાને તથા ધાતકીદ્વીપ–વિદેહક્ષેત્રના ભાવી વીતરાગ જિનવર ભગવંતને નૂતન વેદી ઉપર બિરાજમાન કરવાનું મહાન સૌભાગ્ય બોટાદ નિવાસી શ્રી પુરુષોતમદાસ ઓઘડભાઈ કામદારના પરિવારને તેમ જ ભરતક્ષેત્રના ભાવી ભગવાન શ્રી મહાપદ્મ ભગવાનની પ્રતિષ્ઠાનું મહાન સૌભાગ્ય શ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી તથા રસીકલાલ અમૃતલાલના પરિવારને પ્રાપ્ત થયું હતું. ખરેખર તો આ ભવ્ય આયોજનની અસાધારણ સફળતાનો મૂળ આધાર તો પૂજ્ય ગુરુદેવશ્રીનો જિનશાસન-વૃદ્ધિકર પુનીત પ્રભાવ તેમ જ પૂજ્ય ભગવતી માતાની દેવ-ગુરુભક્તિભીની મંગલ છાયા જ છે. અહો ઉપકાર આ બન્ને સંતોનો! —૦—

## વૈરાગ્ય સમાચાર :—

* અમદાવાદ નિવાસી શ્રી મોહનલાલ લીલાધર વોરા (વર્ષ–૭૮) તા. ૪–૬–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી નટવરલાલ છગનલાલ કોઠારી (વર્ષ–૭૦) તા. ૨૩–૬–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલા નિવાસી સ્વ. વકીલ શ્રી દામોદરદાસ છગનલાલ અજમેરાના ધર્મપત્ની કસુંબાબેન (વર્ષ–૮૦) તા. ૨૬–૬–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબી નિવાસી શ્રી ભાનુબેન મનહરલાલ દોશી (વર્ષ–૫૧) તા. ૨૮–૬–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી શ્રી કુસુમલત્તા અમૃતલાલ શાહ (વર્ષ–૬૫) અષાડ સુદ બીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢ નિવાસી શ્રી જવાહરભાઈ દોશીના માતુશ્રી શ્રી લાભુબેન દોશી (વર્ષ–૮૯) તા. ૪–૭–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ અમૃત–વાણીનો ઘણો લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

ઉપનગર ( મલાડ–મુંબઈ ) દિ. જૈન મુમુક્ષુમંડળ
તીર્થધામ સુવર્ણપુરીમાં ઉજવશે
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

## □ ૭૪ મો જન્મજયંતી મહોત્સવ □

[ તા. ૬-૮-૮૭ થી તા. ૧૦-૮-૮૭ ]

અત્યંત આનંદોલ્લાસ સહ જણાવવાનું કે—આપણા પરમ તારણહાર, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગના પ્રકાશક, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમભક્ત પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૪ મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ )ના ઉપલક્ષમાં તા. ૬–૮–૮૭ ગુરુવારથી તા. ૧૦–૮–૮૭ સોમવાર સુધી પાંચ દિવસનો શુભ ઉત્સવ ઉજવવાનું અનુપમ સૌભાગ્ય અમને—ઉપનગર (મલાડ) દિ. જૈન મુમુક્ષુમંડળને—પ્રાપ્ત થયું છે. આ પવિત્ર પ્રસંગ 'શ્રી ચૌસઠ ઋદ્ધિમંડળ વિધાનપૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક વિડિયો તેમ જ ટેપ–પ્રવચન, સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની તાત્ત્વિક વિડિયોચર્ચા, આપણા આદરણીય વિદ્વદ્રત્ન અધ્યાત્મરસિક પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા જિનેન્દ્રભક્તિપૂજા, વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન, પૂજ્ય ગુરુદેવ દ્વારા સસંઘ તીર્થયાત્રાની ફિલ્મ દ્વારા દર્શન, તા. ૨૨–૭–૮૭, બુધવારથી તા. ૧૦–૮–૮૭, સોમવાર સુધી ચાલનારો વીસ દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે રહેવા–જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. બધા સાધર્મીઓને આ અનુપમ અવસરનો લાભ લેવા પધારવા હાર્દિક આમંત્રણ છે.

—નિવેદક

ઉપનગર (મલાડ) દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ

## 卐 શુદ્ધાત્માને ગ્રહણ કર 卐

ગુરુદેવે ચૈતન્યનો ડંકો વગાડી આખા ભારતને હલમલાવી દીધું, મુમુક્ષુઓનાં કાળજાં હલમલાવી તેમને અન્તર્દષ્ટિ કરવા પ્રેર્યા. ગુરુદેવ કહેતા: 'અનંત શક્તિથી ભરપૂર જે આ આત્મા તેને જે ગ્રહણ કરે તેને શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિ પ્રગટ થયા વિના રહે જ નહિ.' એક શુદ્ધાત્માને ગ્રહણ કર. ગુરુદેવ જેવા 'ગુરુ' મળ્યા અને ભગવાન જ્ઞાયકદેવ આંગણે પધાર્યા, પછી તો શુદ્ધ પર્યાય જ પ્રગટ કરવાની હોય ને? બીજું તો જીવને અનંત કાળમાં શું નથી મળ્યું? બધું મળી ચૂક્યું છે, બધું શ્રુત, પરિચિત ને અનુભૂત છે. એક ચૈતન્યના એકત્વની વાત સુલભ નથી. બીજું બધું સુલભ છે. જન્મ-મરણ કરતાં કરતાં વિભાવ સુલભ થઈ પડ્યો છે, ને 'એકત્વ' સ્વભાવ છે પોતાનો, તોપણ તે દુર્લભ થઈ પડ્યો છે. ગુરુદેવના પ્રતાપે સ્વભાવની વાર્તા ને સ્વભાવની અનુભૂતિ સુલભ થઈ છે. સ્વભાવની અનુભૂતિ કરવી તે પોતાના હાથની—પુરુષાર્થ વાત છે.

—પૂજ્ય બહેનશ્રી

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012